

RNI No. GUJGUJ/2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક



તંત્રી : શ્રી અજયકુમાર રમણલાલ પ્રજાપતિ (અજય પટણી)

રજી. ઓફીસ : ટીએફ-૦૧, નાનકરામ સુપર માર્કેટ, રામનગર, સાબરમતી, અમદાવાદ - ૩૮૦ ૦૦૫, ગુજરાત, ભારત.

ફોન : (૦૭૯) ૨૭૫૭ ૩૩૦૭, ૯૦૧૬૩ ૩૩૩૦૭ (મો) ૯૩૨૮૩ ૩૩૩૦૭, ૯૮૨૫૩ ૩૩૩૦૭, Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

વર્ષ : 13 • અંક : 006 • તા. 14-09-2020, સોમવાર • પાના : 04 • કિંમત : 00.50 પૈસા


# છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૯૪,૩૭૨ કેસ, હજારથી વધુના મોત

## દેશમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૪૭,૫૪,૩૫૭ થયો, મૃત્યુઆંક ૭૮૫૮૬એ પહોંચ્યો, અત્યાર સુધીમાં ૫,૬૨,૬૦,૯૨૮ સેમ્પલ ટેસ્ટિંગ થયા

(જી.એન.એસ.) ન્યુ દિલ્હી, તા.૧૩ દેશમાં કોરોના વાયરસનો આંકડો ૪૭ લાખને પાર કરી ગયો છે. છેલ્લા ૨૪ કલાકમાં જ કોરોના વાયરસના નવા ૯૪,૩૭૨ દર્દીઓ નોંધાયા છે. આ સાથે જ દેશમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૪૭,૫૪,૩૫૭ થઈ ગયો છે. જેમાંથી હાલ ૯,૭૩,૧૭૫ દર્દીઓ સારવાર હેઠળ છે. જો કે ૩૭,૦૨,૫૯૬ લોકોએ કોરોના જેવા જીવલેણ વાયરસને માત આપવામાં સફળતા મેળવી છે. કોરોનાએ એક જ દિવસમાં ૧,૧૧૪ લોકોનો ભોગ લીધો છે. આ સાથે કોરોનાથી થયેલા કુલ મૃત્યુની સંખ્યા ૭૮,૫૮૬ થઈ ગઈ છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ દેશમાં ૧૨ સપ્ટેમ્બર સુધીમાં ૫,૬૨,૬૦,૯૨૮ સેમ્પલ ટેસ્ટિંગ થયા છે. ગઈ કાલે એટલે કે ૧૨મી સપ્ટેમ્બરના રોજ કુલ ૧૦, ૭૧, ૭૦૨ નમૂનાનું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાંથી ૯૪ હજારથી વધુ લોકોના ટેસ્ટ પોઝિટિવ આવ્યાં છે. સપ્ટેમ્બર મહિનાની શરુઆતથી જ ભારતમાં કોરોના વાયરસના કેસનો રાફડો ફાટ્યો છે, મહિનાના શરુઆતના ૧૨ દિવસમાં ૧૦ લાખ કેસ નોંધાયા છે. આ સાથે વધુ ૧૩,૦૮૨ દર્દીઓના મોત પણ થયા છે, બાકી દેશો કરતા ભારતમાં સૌથી વધારે કેસ નોંધાયા છે. અમેરિકા અને બ્રાઝિલમાં જે રીતે કોરોના વાયરસના કેસમાં ઉછાળો નોંધાઈ રહ્યો હતો તે જ રીતે હવે ભારતમાં પણ સતત કેસમાં ઉછાળો નોંધાઈ રહ્યો છે. ભારતમાં કોરોના વાયરસના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. પરંતુ આ ઠીક થનારા દર્દીઓની સંખ્યા પણ તે જ ઝડપથી વધી રહી છે. મેથી સપ્ટેમ્બર વચ્ચે કોરોનાથી સ્વસ્થ થનારા દર્દીઓની સંખ્યા ૫૦ હજારથી વધીને ૩૬ લાખ થઈ ગઈ છે. સ્વાસ્થ્ય મંત્રાલયે તેની જાણકારી પણ આપી છે. શુક્રવારે ભારતમાં ૯૮,૦૦૦ની નજીક પોઝિટિવ કેસ નોંધાયા બાદ શનિવારે તેમાં સામાન્ય ઘટાડો નોંધાયો છે. જોકે, આમ છતાં દેશના ૯ રાજ્યોમાં નવા કેસનો રેકોર્ડ નોંધાયો છે- જેમાં દિલ્હી (૪,૩૨૧ નવા કેસ), છત્તીસગઢ (૩,૯૬૪), હરિયાણા (૨,૭૮૩), મધ્યપ્રદેશ (૨,૩૪૭), જમ્મુ-કાશ્મીર (૧,૬૯૮), રાજસ્થાન (૧,૬૬૯), ગુજરાત (૧,૩૬૫), ઉત્તરાખંડ (૧,૧૧૫) અને ગોવા (૭૪૦)નો સમાવેશ થાય છે. આ તરફ ઉત્તરપ્રદેશ દેશનું ત્રીજુ રાજ્ય બન્યું છે જ્યાં ૩ લાખ કરતા વધુ કોરોના વાયરસના કેસ નોંધાયા છે. મહારાષ્ટ્રમાં ૨૨,૦૮૪ નવા કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે અને ૩૯૧ લોકોએ જીવ ગુમાવ્યો છે. બીજી તરફ કોરોના વાયરસના કેસનો આંકડો સતત વધી રહ્યો હોવાનું કારણ કાર દેશમાં ટેસ્ટની સંખ્યામાં વધારો કરાઈ રહ્યો હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે. ટેસ્ટની સંખ્યા વધવાની સાથે વાયરસથી પીડિત દર્દીઓની ઓળખ થવાથી તેને વધુ લોકો સુધી ફેલાતો અટકાવવામાં પણ મદદ મળી શકે છે.



## ચંદ્રની માટીને ખાનગી કંપનીઓ પાસેથી ખરીદશે નાસા

(જી.એન.એસ) વૉશિંગ્ટન, તા.૧૩ નાસાએ એલાન કર્યુ કે તે ચંદ્રના પહાડોને ખાનગી કંપનીઓ પાસેથી ખરીદવા માગે છે. જેથી ચંદ્ર પર ખોદકામ કરવાનુ કાર્ય શરૂ કરી શકાય. સ્પેસ એજન્સી કંપની પાસેથી પ્રસ્તાવ મંગાવી રહી છે કે રોવર્સનો ઉપયોગ કરીને ચંદ્ર પરની માટી અને પથ્થરને કેવી રીતે એકત્ર કરશે. નાસાએ યોજના બનાવી છે કે તે ૫૦થી ૫૦૦ ગ્રામના નમૂનાએ ખરીદવા માટે ૧૫,૦૦૦ અને ૨૫,૦૦૦ ડોલર સુધીની રકમ ચુકવવી પડશે. નાસાએ કહ્યુ કે, ચંદ્રના પહાડો અને માટીને એકઠી કરીને અને તેને નાસાને આપવુ તે ચંદ્ર પર સ્પેસ ટ્રેડ શરૂ કરવાનુ પ્રમાણ હશે. બીજા શબ્દોમા કહીએ તો, આ પગલાથી અંતરિક્ષ વ્યાપાર માટે ખોદકામ કાર્ય કેવી રીતે શરૂ કરવુ, તેના માટે શરૂઆતના સિદ્ધાંતોની સ્થાપના કરવામા મદદ મળશે. જ્યારે, આ પગલાથી ભવિષ્ય માટેના અંતરિક્ષના પ્રોજેક્ટ માટે મદદ મળશે. નાસા ઈચ્છે છે કે, વર્ષ ૨૦૨૪ પહેલા આધિપત્ય અને તેનુ હસ્તાંતરણ થાય કારણ કે આ દરમ્યાન માનવીઓ ફરીથી ચંદ્રની સપાટી પર ઉતરવાની યોજના બનાવી રહ્યા છે. કંપનીઓ ચંદ્રની સપાટી પર ચંદ્રની ધુળ અને પહાડોને એકત્ર કરવી પડશે, જો કે તેમણે પૃથ્વી પર ફરી પાછુ મોકલવુ પડશે નહી. પ્રત્યેક કંપનીએ તેમના દ્વારા એકઠા કરેલા નમુનાનો ફોટા નાસાને મોકલવા પડશે. એમના સિવાય, આ નમુનાને ક્યાંથી એકઠા કર્યા અને તેના સંબંધિત ડેટા પણ સ્પેસ એજન્સીને આપવાના રહેશે. નમુનાના વજન ૫૦ થી ૫૦૦ ગ્રામની વચ્ચે હોવા જોઈએ અને ભવિષ્યના મિશન દ્વારા સંગ્રહ કરવા માટે તેયાર કરવુ પડશે. નાસા ત્યારબાદની તારીખમા તેના સંગ્રહ માટે યોજના બનાવશે.

### નવા બિહાર માટે નીતીશ કુમારે નિભાવી અગત્યની ભૂમિકા : મોદી

## ચૂંટણી પહેલા બિહારને ૯૦૦ કરોડની ત્રણ પેટ્રોલિયમ યોજનાઓની વડાપ્રધાને ભેટ આપી

(જી.એન.એસ) પટના, તા.૧૩ બિહાર વિધાનસભાની ચૂંટણી માથા પર છે ત્યારે પીએમ મોદીએ આજે બિહારને ૯૦૦ કરોડની પેટ્રોલિયમ યોજનાઓની ભેટ આપી છે. પીએમએ આજે વિડિયો કોન્ફરન્સિંગથી દુર્ગાપુર-બાંકા એલપીજી પાઈપલાઈન યોજના તેમજ બે ગેસ બોટલિંગ પ્લાન્ટનુ ઉદઘાટન કર્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે, ગેસ પાઈપલાઈનના કારણે બિહારમાં ખાતર, વીજળી અને સ્ટીલ સેક્ટરના ઉદ્યોગોને પ્રોત્સાહન મળશે અને પ્રદુષણ પણ ઓછુ થશે. પીએમ મોદીએ આ દરમિયાન કહ્યું કે મુખ્યમંત્રી નીતીશ કુમારે ન્યૂ ઈન્ડિયા અને ન્યૂ બિહારનું લક્ષ્ય પૂરું કરવામાં અગત્યની ભૂમિકા નિભાવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દરમિયાન એમ પણ કહ્યું કે છેલ્લા અનેક વર્ષોથી બિહાર વિકાસના મામલમાં પાછળ હતું. તેનું કારણ રાજકારણ સહિત કેટલાક અન્ય પણ કારણ હતા. તેઓએ કહ્યું કે એક એવો પણ સમય આવ્યો જ્યારે બિહારમાં સારી રોડ કનેક્ટિવિટી અને ઈન્ટરનેટ કનેક્ટિવિટી પર ચર્ચા નહોતી થતી. વડાપ્રધાને મોદીએ કહ્યું કે, બિહારે અનેક સમસ્યાઓ સહન કરી છે. પરંતુ નીતીશ કુમારે ન્યૂ ઈન્ડિયા અને ન્યૂ બિહારના લક્ષ્ય પ્રાપ્તિ માટે અગત્યની ભૂમિકા નિભાવી છે. તેઓએ એમ પણ કહ્યું કે બિહારને પ્રગતિના પંથે આગળ લઈ જવામાં મુખ્યમંત્રી નીતીશ કુમારની અગત્યની જવાબદારી નિભાવી છે. આપણે બિહારમાં સુશાસન નિશ્ચિત કરવું જોઈએ. છેલ્લા ૧૫ વર્ષમાં કરવામાં આવેલા સારા કામો ચાલુ રહેવા જોઈએ. પીએમ મોદીએ એમ પણ કહ્યું કે બિહારને પ્રગતિના પંથે આગળ લઈ જવામાં મુખ્યમંત્રી નીતીશ કુમારની અગત્યની ભૂમિકા નિભાવી છે. આપણે બિહારમાં સુશાસન નિશ્ચિત કરવું જોઈએ. હું નીતીશજીને આગ્રહ કરીશ કે રઘુવંશ પ્રસાદજીએ પોતાના અંતિમ પત્રમાં જે ભાવના રજૂ કરી હતી તેને પરિપૂર્ણ કરવા માટે તમે અને આપણે સૌ મળીને તમામ પ્રયાસ કરીએ. આઈઓસી દ્વારા બનાવાયેલી ૧૯૩ કિલોમીટરની દુર્ગાપુર-બાંકા પાઈપલાઈન હલદિયા-દુર્ગાપુર પાઈપલાઈન વિસ્તરણ પ્રોજેક્ટનો એક હિસ્સો છે.જેનો શિલાન્યાસ ૨૦૧૯માં કરાયો હતો.જેનો એક ભાગ તૈયાર થઈ ચુક્યો છે. આ સિવાય એલપીજી બોટલિંગ પ્લાન્ટનુ પણ પીએમ મોદીએ ઉદઘાટન કર્યુ હતુ.બાકામાં આવેલા પ્લાન્ટમાં ૧૩૧ કરોડનુ રોકાણ કરાયુ છે.જેનાથી આસપાસના જિલ્લાઓની ગેસની જરુરિયાત પૂરી થશે.પૂર્વી ચંપારણમાં ૧૩૬ કરોડના ખર્ચે બનેલા બોટલિંગ પ્લાન્ટનુ પણ પીએમ મોદીએ આજે ઉદઘાટન કર્યુ હતુ. પીએમ મોદીએ કહ્યુ હતુ કે, ગેસ આધારિત ઉદ્યોગો અને પેટ્રો કનેક્ટિવિટીથી રોજગારીના નવા અવસર પુરા થશે તેમજ બિહારના લોકોને ગેસની અને સીએનજીની સુવિધા પણ મળશે.

## હુગલીમાં ભાજપ કાર્યકર્તાનો મૃતદેહ મળતા ચકચાર : ટીએમસી પર લાગ્યા આરોપ

(જી.એન.એસ.) હુગલી, તા.૧૩ પશ્ચિમ બંગાળના હુગલીમાં ભાજપના એક કાર્યકર્તાનો મૃતદેહ ઝાડ સાથે લટકાયેલો મળ્યો છે. રવિવારે સવારે હુગલીને ગોઘાટ સ્ટેશન નજીક ગણેશ રોય નામના એક વ્યક્તિનો મૃતદેહ ઝાડ સાથે લટકતો મળી આવ્યો હતો. સ્થાનિક લોકોના જણાવ્યા પ્રમાણે ગણેશ રોય શનિવારે સાંજથી જ ગાયબ થયો હતો, આજે સવાકે સ્ટેશન નજીકથી તેનો મૃતદેહ મળી આવ્યો છે. પશ્ચિમ બંગાળના ભાજપના અધ્યક્ષ દિલીપ ઘોષે કહ્યું કે, મૃતક ભાજપનો કાર્યકર્તા હતા અને તેની હત્યા સત્તાધારી ટીએમસીના લોકોએ કરી છે. ટીએમસી ઉપર હત્યાનો આરોપ લગાવતા દિલિપ ઘોષે કહ્યું કે, આજે અમારા મંડળ સચિવ ગણેશ રોયની હત્યા થઈ છે. અને તેનો મૃતદેહ ઝાડ સાથે લટકતો મળ્યો હતો. આવું રોજ થઈ રહ્યું છે. સીપીએમ પોતાના રાજનીતિક પ્રતિદ્વંદીઓ હત્યા કરીને દાટી દેતા હતા. ટીએમસીએ તેણે લટકાવી દીધી છે. માત્ર ટેકનિક બદલી છે. નીતિઓ એવી જ છે. બંગાળ ભાજપ અધ્યક્ષે કહ્યું કે, એવું લાગી રહ્યું છે કે, રાજ્યમાં રાજનીતિક હિંસાનો દોર રોકાવાનો નથી. દરરોજ અમારા કાર્યકર્તાઓની હત્યા કરવામાં આવી રહી છે. હિંસા દ્વારા ભાજપનો પ્રતિકાર કરવો આ સરકારની નીતિ બની ગઈ છે. અમે એની સામે પ્રદર્શન કરતા રહેશું. પશ્ચિમ બંગાળમાં ભાજપના કેન્દ્રીય પર્યવેક્ષક કૈલાશ વિજયવર્ગીયે કહ્યું કે, ભય, આતંક, ગુંડાગર્દી, અરાજકતા અને હિંસા જયારે કોઈ રાજનીતિક દળની કાર્યશૈલીનો અધિકૃત અંગે થઈ જાય તો સમજી જાઓ તો સમજી લો કે તેનો અંત નજીક છે. તેનાથી જનતાની વચ્ચે જવાનું સાહસ પૂર્ણ થઈ ગયું છે. તે જનતાને ડરાવીને તેને દુર ભગાવવા માંગે છે. બંગાળના દરેક બાળકો બોલી રહ્યાં છે કે, મમતા શાસન ડોલી રહ્યું છે.

### કેન્દ્રીય શાસન માટે મુશ્કેલી, શી પ્રત્યે વફાદારી સુનિશ્ચિત કરવા પ્રયત્ન

## ચીનમાં વધી રહેલો અસંતોષ : જિનપિંગને હવે તખ્તા પલટનો લાગતો ડર

(જી.એન.એસ.) બેઈજિંગ, તા.૧૩ સમગ્ર વિશ્વ પર પ્રભુત્વ જમાવી દેશને સુપર પાવર બનાવવા નું સ્વપ્ન જોઈ રહેલા શી જિનપિંગને હવે પોતાની ગાદી જવાનો ડર લાગી રહ્યો છે. જિનપિંગને ડર છે કે દેશમાં ક્યાંક રાજકીય તખ્તાપલટ ન થાય. તેથી તેમણે આ વાત સુનિશ્ચિત કરવા માટે આકરા પગલા ઉઠાવવાની શરૂાત કરી છે. તેમણે તે સુનિશ્ચિત કરવા માંડ્યુ છે કે પોલીસ અધિકારી, ન્યાયાધીશ અને સ્ટેટના સિક્યોરિટી એજન્ટની જવાબદારી ફક્ત તેમના પ્રત્યે જ હોય. વોશિંગ્ટન ડીસીમાં ઉઈઘુર ટાઈમ્સના સંસ્થાપક તાહિર ઈમીને જણાવ્યું છે કે જિનપિંગ આ વિશ્વ પર એકમાત્ર એવા નેતા છે જે કોઈપણ કેન્દ્ર સરકારમાં બધી ૧૧ પોઝિશન લઈ શકે છે. પૂર્વ સીસીપી પાર્ટી સ્કૂલ પ્રોફેસર ચાઈ શિયાએ એફઆરએ ચાઈનીઝને ગયા મહિને જ બતાવ્યું કે સીસીપીની અંદર શી માટે મોટો પડકાર છે. તેમણે તે અંગે ખબર છે કે જો અમેરિકા ચીનના અર્થતંત્ર પર દબાણ બનાવે છે તો સીસીપીની કેન્દ્રિય સમિતિ તેમને રિપ્લેસ કરી શકે છે. જિનપિંગને ૨૦૨૨માં થનારી નેશનલ કોંગ્રેસ પહેલા દેશના સુરક્ષા તંત્રને મજબૂત કરવા માંગે છે. આથી જે અધિકારીની વફાદારીથી જિનપિંગને સંતોષ થતો નથી તેને માઓ સ્ટાઈલમાં પદાર્થપાઠ આપવામાં આવે છે. દરેક એજન્સીમાં એક જ મંત્ર ફૂંકી દેવાયો છે કે જિનપિંગની દરેક વાતને માનવામાં આવે. જુલાઈમાં જિનપિંગના વફાદાર શેન યિશિને એક અભિયાન ચલાવ્યુ હતુ જેનો હેતુ એવા લોકોને શોધવાનો હતો જે પક્ષ પ્રત્યે વફાદાર અને પ્રામાણિક નથી. માનવામાં આવે છે કે આવું એમ કરવામાં આવ્યું કેમકે પક્ષનું આંતરિક જૂથ સ્થાનિક અને વિદેશી મામલામાં લશ્કરની દરમિયાનગીરીથી ખુશ નથી. એશિયા રિસર્ચ ઈન્સ્ટિટ્યુટના સિનિયર ફેલો એન્ડ્રિય ફુલ્ડાનું કહેવું છે કે શીને ચીનની બહારથી પણ ભય છે. બહારથી લાગે છે કે સીસીપી ઘણી સ્થિર છે, પરંતુ તેવું નથી. જિનપિંગના સત્તા પર આવ્યા પછી તાકાતનું કેન્દ્રીકરણ થતા સીસીપીમાં પણ ઉથલપાથલ શરૂ થઈ ગઈ છે. આવામાં અધિકારીઓ સામે થતી કાર્યવાહીથી તે સમજી શકાય છે કે તેની પાછળનું મુખ્ય રાજકીય કેન્દ્ર સ્થાનિક અધિકારીઓને અંકુશિત કરવા અને શીની વફાદારી સુનિશ્ચિત કરવી કેન્દ્ર માટે વધારે મુશ્કેલ બની ગઈ છે.

## બોલો.... ડબલ્યુએચઓએ પાકિસ્તાન સરકારની કોરોના કામગીરીની વખાણ કર્યા

(જી.એન.એસ) જિનિવા, તા.૧૩ કોરોના વાયરસના સંક્રમણના વિરૂદ્ધ પાકિસ્તાન સરકારના 'કારનામાં'ના હવે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (WHO) વખાણ કરી રહ્યું છે. WHOના ચીફ ટ્રેડોસ એડનહોમે પોતાની પ્રેસ બ્રીફિંગમાં પાકિસ્તાન સરકારના કામની પ્રશંસા કરતાં કહ્યુ કે આ એ દેશોમાંથી એક છે જેની પાસેથી દુનિયાએ શીખવાના જરૂર છે. એડનહોમે કોરોના વાયરસની વિરૂદ્ધ પાકિસ્તાન સરકારની રણનીતિનું સમર્થન પણ કર્યું. WHO ચીફે કહ્યુ કે પાકિસ્તાને કોરોના વાયરસના સંક્રમણને રોકવા માટે છેલ્લાં કેટલાંય વર્ષમાં પોલિયો માટે બનાવામાં આવેલા માળખાકીય વિસ્તારનો સહારો લીધો છે. WHO પ્રમુખે દેશના સામુદાયિક સ્વાસ્થ્ય કાર્યકર્તાઓની પણ પ્રશંસા કરી. આ કાર્યકર્તાઓને પોલિયો માટે ઘેર-ઘેર જઈ બાળકોનું રસી આપવાની ટ્રેનિંગ આપવામાં આવી છે. તેમણે કહ્યુ કે પાકિસ્તાને પોતાના પોલિયો કાર્યકર્તાઓનો ઉપયોગ સર્વેલન્સ, કોન્ટેક્ટ ટ્રેસિંગ અને દેખભાળ માટે કર્યો. તેના લીધે દેશમાં કોરોના વાયરસના કેસમાં ઝડપી ઘટાડો જોવા મળ્યો. તેમણે કહ્યુ કે આ સિવાય થાઈલેન્ડ, કંબોડિયા, જાપાન, ન્યુઝીલેન્ડ, કોરિયા ગણરાજ્ય, રવાન્ડા, સેનેગલ, ઈટાલી, સ્પેન અને વિયેતનામે પણ કોરોના વાયરસ સામે સારું કામ કર્યું છે. વર્લ્ડ હેલ્થ સંગઠનના પ્રમુખના આ નિવેદન પર પ્રતિક્રિયા આપતા પીએમ ઈમરાન ખાનના સ્વાસ્થ્ય બાબતોના પૂર્વ વિશેષ સહાયક ડૉ.જફર મિર્ઝાએ કહ્યુ કે આનાથી પાકિસ્તાનની પ્રયાસોને આંતરરાષ્ટ્રીય સ્તર પર માન્યતા મળી છે. મિર્ઝાએ ટ્વીટમાં કહ્યુ કે પાકિસ્તાનને WHOના ડાયરેક્ટર જનરલ દ્વારા પાકિસ્તાનને સાત દેશોમાં સામેલ કરાયા છે જે દેશોમાંથી ભાવિ રોગચાળા સામે લડવાનું શીખી શકાય છે.

### અમેરિકાના જાણીતા અખબાર ન્યૂઝ વીકનો ખુલાસો

## ગલવાન ખીણમાં ભારત સાથેની અથડામણમાં ૬૦ સૈનિકો મોતને ભેટ્યા હતા

(જી.એન.એસ) વૉશિંગ્ટન, તા.૧૩ લદ્દાખની ગલવાણ ખીણમાં થોડા દિવસો પહેલા ભારત અને ચીનના સૈનિકો વચ્ચે થયેલી ઝડપમાં ચીનના કેટલાક સૈનિકો મોતને ભેટયા તે મુદ્દો હંમેશા અટકળોનો જ વિષય રહ્યો છે. હવે અમેરિકાના એક જાણીતા અખબાર ન્યુઝ વીકે ખુલાસો કર્યો છે કે, આ અથડામણમાં ચીનના ૬૦ સૈનિકો માર્યા ગયા હતા. લેખમાં કહેવાયુ છે કે, આ મોરચા પર આક્રમક હિલચાલ ના પ્રણેતા ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ હતા પણ ચીનની સેના તેમાં ફ્લોપ પૂરવાર થઈ છે.ભારત સરહદ પર ચીનની સેનાની નિષ્ફળતાના પરિણામો લાંબાગાળાના હશે.ચીનની સેનાએ જિનપિંગને શરુઆતમાં જ કહ્યુ હતુ કે, સેનામાં વિરોધી અધિકારીઓને બહાર કરવામાં આવે.હવે એવુ લાગે છે કે. ચીની સેનાના કેટલાક મોટા અફસરો નિશાના પર આવશે. અખબારે લખ્યુ છે કે, લદ્દાખમાં નિષ્ફળતાના પગલે જિનપિંગ ભારત સામે વધારે આક્રમક વલણ અપનાવ વા ઉત્તેજીત થશે.મે મહિનાની શરુઆતમાં જ એક્ચ્યુલ લાઈન ઓફ કંટ્રોલની દક્ષિણમાં ચીનની સેના આગળ વધી હતી.લદ્દાખમાં ત્રણ વિસ્તારોમાં ભારત અને ચીન વચ્ચે અસ્થાયી સરહદ છે અને તેનુ માર્કિંગ નક્કી નથી.જેના કારણે ચીનની સેના ભારતની સરહદમાં અવાર નવાર ઘુસતી હોય છે. જિનપિંગના સત્તા પર આવ્યા બાદ ઘૂસણખોરી વધી ગઈ છે.મે મહિનામાં ચીનની ઘૂસણખોરી થી ભારત ચોંકી ઉઠ્યુ હતુ.ભારતને રશિયાએ જાણકારી આપી હતી કે, તિબેટમાં ચીનની સેના સતત યુધ્ધાભ્યાસ કરીને તૈયારીઓ કરી રહી છે. અમેરિકાના ફાઉન્ડેશન ફોર ડિફેન્સ ઓફ ડેમોક્રસીઝના ક્લિઓ પાસ્કલે આ લેખમાં કહ્યુ હતુ કે, જુન ૧૫ના રોજ ગલવા ખીણમાં ચીનની ઘૂસણખોરીથી ભારત સકતામાં આવી ગયુ હતુ.આ પૂર્વયોજિત રણનીતિ હતી.ચીનના સૈનિકો સાથે અથડામણમાં ભારતના ૨૦ જવાનો શહીદ થયા હતા.૧૯૬૨ માં ચીન સામે થયેલી હાર બાદ ભારતની સેના ડિફેન્સિવ વલણ અપનાવતી હોય છે પણ ગલવાન ખીણમાં એવુ નહોતુ થયુ.જેના કારણે ચીનના ૪૩ સૈનિકોના મોત થયા હતા.આ આંકડો ૬૦ થી વધારે હોઈ શકે છે.ભારતના જવાનો બહાદુરીથી લડ્યા હતા.

## નોકરી ગુમાવનારા ૪૨ લાખ કામદારોને સરકાર આપશે અડધો પગાર

(જી.એન.એસ) ન્યુ દિલ્હી, તા.૧૩ કોરોના કાળમાં દેશની અર્થવ્યવસ્થા ખાડામાં જઈને પડી છે અને એક અંદાજ પ્રમાણે ૧.૯ કરોડ લોકોએ નોકરી ગુમાવી છે. ઈકોનોમીમાં પડેલા ગાબડા બદલ સરકારની ટીકાઓ પણ થઈ રહી છે.હવે મોદી સરકારે નોકરી ગુમાવનારીઓની મદદ કરવાની જાહેરાત કરી છે.જે પ્રમાણે કર્મચારી રાજ્ય વીમા નિગમમાં જે કામદારો નોંધાયેલા છે અને આમાંથી જેમણે ૨૪ માર્ચ બાદ નોકરી ગુમાવી છે તેમને મોદી સરકાર અડધો પગાર અનએમ્પોલમેન્ટ બેનિફિટ તરીકે આપશે. જેનો અર્થ એ થાય છે કે, કોરોના સંકટમાં નોકરી ગુમાવનારા ઔદ્યોગિક કામદારોને ત્રણ મહિના સુધી અડધી સેલેરી બેકારી ભથ્થા તરીકે મળશે.આ ફાયદો એ કામદારોને મળશે જેમની નોકરી આ વર્ષે ૨૪ માર્ચથી ૩૧ ડિસેમ્બર વચ્ચે ગઈ છે.આ પહેલા બેકારી ભથ્થા તરીકે ૨૫ ટકા સેલેરી આપવાની જોગવાઈ હતી.જે હવે વધારીને ૫૦ ટકા કરાઈ છે.નવી જોગવાઈ એક વર્ષ સુધી લાગુ રહેશે. આ સુવિધા મેળવવા માટે કામદારે કર્મચારી રાજ્ય વીમા નિગમની કોઈ પણ શાખામાં અરજી કરવાની રહેશે.ચકાસણી બાદ તેમને અડધો પગાર બેક્ક ખાતામાં આપવામાં આવશે.આ માટે આધાર નંબરની મદદ લેવાશે.આ યોજનાથી કર્મચારી રાજ્ય વીમા નિગમ પર ૬૭૧૦ કરોડ રુપિયાનો વધારાનો બોજો આવશે.

## જે દિવસે ઠાકરે બ્રાન્ડનું પતન થશે, તે દિવસે મુંબઈનું પતન થવાનું શરૂ થઈ જશે'

(જી.એન.એસ.)મુંબઈ,તા.૧૩ અભિનેત્રી કંગના રનૌત, સુશાંત સિંહ રાજપૂત કેસ સહિત અનેક મામલે વિરોધીઓના આકરા પ્રહારો ઝેલી રહેલી શિવસેનાએ એકવાર ફરીથી મરાઠાકાર્ડ ખેલ્યુ છે. શિવસેનાના મુખપત્ર સામનામાં કહેવાયું છે કે મુંબઈના મહત્વને ઓછું કરવાનો યોજનાબદ્ધ રીતે પ્રયત્ન થઈ રહ્યો છે. મુંબઈની સતત બદનામી આ ષડયંત્રાનો હિસ્સો છે. સામના અખબારમાં લખવામાં આવ્યું છે કે મુંબઈને પાકિસ્તાન કહેનારી એક નટી (અભિનેત્રી)ની પાછળ કોણ છે? મહારાષ્ટ્રના ભૂમિપુત્રોએ એક થવું જોઈએ. એવો આ મુશ્કેલ સમય આવી ગયો છે. અખબારના જણાવ્યાં મુજબ મહારાષ્ટ્રની રાજધાની મુંબઈને ગ્રહણ લગાવવાનો પ્રયત્ન એકવાર ફરીથી શરૂ થઈ ગયો છે. આ ગ્રહણ 'બહારી' (આઉટસાઈડર્સ) લોકો લગાવી રહ્યાં છે. સામનામાં લખાયું છે કે દિલ્હી અથવા મહારાષ્ટ્રમાં સરકાર કોઈ પણ હોય, કોઈ અજાણી શક્તિ આપણા મુંબઈના વિરોધમાં યોજનાબદ્ધ રીતે ષડયંત્ર કરતી રહી છે પરંતુ સંયુક્ત મહારાષ્ટ્ર માટે જેલના દરવાજા પર કતાર લગાવનારા 'વીર' આજે કુંઠિત થઈ ગયા કે શું? મરાઠી અસ્મિતાને લલકારીને અખબારમાં લખવામાં આવ્યું છે કે આજે ફરીથી ભૂમિપુત્રોની તથા મરાઠી સ્વાભિમાન નું યોજનાબદ્ધ રીતે દમન કરવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. મહારાષ્ટ્રના લોહીથી મરાઠી કોશિકાઓને ખતમ કરવાનું ષડયંત્ર રચાઈ રહ્યું છે. સૂર્ય, ચંદ્ર જ્યાં સુધી રહેશે, મહારાષ્ટ્રને મુંબઈ નહીં મળે...એવા શબ્દોના ઉચ્ચારણ સાથે જ દાવાનળની જેમ ભડકતા ભૂમિપુત્રોને હંમેશા માટે લાચાર બનાવવાનું ષડયંત્ર નવી રાજનીતિમાં રચાયું છે. લેખમાં કહેવાયું છે કે મુંબઈનું મહત્વ, મુંબઈનો વૈભવ ઓછો કરશો તો મહારાષ્ટ્રનું આપોઆપ પતન થઈ જશે, એવું જેમના મનમાં છે તેઓ ભૂમિપુત્રોને ઓછા આંકી રહ્યાં છે. મુંબઈ ભૂમિપુત્રોની હશે પરંતુ તેને ધન ધાન્યથી સંપન્ન અમે લોકોએ બનાવી છે, આ ઘમંડ, અહંકાર મુંબઈના શેઠીયાઓમાં પહેલા પણ હતો અને આજે પણ છે. શિવસેનાએ સૌથી પહેલા આ ઘમંડ ઉતારવાનું કામ કર્યું. આથી શિવસેના પ્રત્યે દિલ્હીના મનમાં હંમેશા દ્વેષભાવ રહ્યો છે. જે શિવસેનાના વિરોધમાં બોલશે, તે દિલ્હીશ્વરની 'પ્યારી ડાર્લિંગ' બની જાય છે. સામનામાં છપાયેલા લેખ મુજબ મુંબઈ દેશની હોય કે દુનિયાનું પરંતુ તેના પર પહેલો હક મહારાષ્ટ્રનો છે. જ્યારે જ્યારે મુંબઈને દબાવ્યું ત્યારે ત્યારે મહારાષ્ટ્રે પ્રતિકાર કર્યો છે. અખબારનું માનવું છે કે જે દિવસે ઠાકરે બ્રાન્ડનું પતન થશે તે દિવસે મુંબઈનું પતન થવાનું શરૂ થઈ જશે. અખબાર લખે છે કે 'ઠાકરે' મહારાષ્ટ્રના સ્વાભિમાનની એક બ્રાન્ડ છે. બીજી મહત્વપૂર્ણ 'બ્રાન્ડ' પવાર નામથી ચાલે છે. મુંબઈમાંથી આ બ્રાન્ડને નષ્ટ કરવાની છે તથા ત્યારબાદ મુંબઈ પર કબ્જો જમાવવાનો છે એવા ષડયંત્રની પોલ ફરી એકવાર ખુલી ગઈ છે.

## પૂંછમાંથી પ્રતિબંધિત સંગઠન તહરીક-ઉલ-મુઝાહિદ્દીનના બે સભ્યો ઝડપાયા

(જી.એન.એસ) જમ્મૂ, તા.૧૩ જમ્મુ-કાશ્મીર પોલીસે પુંછ જિલ્લામાં પ્રતિબંધિત આતંકી સંગઠન તહરીક-ઉલ-મુઝાહિદ્દીન (ટીયુએમ)ના બે એક્ટિવ સભ્યોની ધરપકડ કરી અને તેમની પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો, દારુગોળો મળી આવ્યો છે. સાથે સાથે કેન્દ્ર શાસિત પ્રદેશમાં આતંકવાદને ફરીથી પ્રોત્સાહન કરવાના પ્રયાસને નિષ્ફળ કરવાનો દાવો કર્યો છે. પોલીસે જણાવ્યુ કે ટીયુએમે સીમાવર્તી જિલ્લામાં લોકોની હત્યાઓ અને વિસ્ફટોને અંજામ આપવાની યોજના બનાવી હતી. એક પોલીસ અધિકારીએ જણાવ્યુ કે, મેંઢર સેક્ટરમાં સ્થાનિક પોલીસના સ્પેશ્યલ અભિયાન સમૂહ અને સેના તરફથી સંયુક્ત રીતે નિયંત્રણ રેખાની આસપાસ ચલાવવામાં આવ્યુ હતુ. આ દરમિયાન આતંકીઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યુ કે તેમની ધરપકડની સાથે જ તેમને હત્યાઓ અને આઈઈડી વિસ્ફોટો દ્વારા આતંકવાદને ફરીથી વધારવાની ટીસયુએમના કાવતરાને નિષ્ફળ કરી દેવામાં આવ્યુ છે. તેમને જણાવ્યુ કે એક ખાસ સૂચના પર આ અભિયાન હથિયારો, દારુગોળો અને વિસ્ફોટકોની સાથે સાથે અન્ય વિધ્વંસક સામગ્રીને શોધવા માટે શરૂ કરવામાં આવ્યુ હતુ, જેને પાકિસ્તાનના કબજાવાળા કાશ્મીર-પીઓકેમાંથી તસ્કરી કરવામાં આવ્યુ હતુ.

# ધરમ કરતા ધાડઃ ડોક્ટરો કોરોનાની ચપેટમાં આવી ગયા... દર્દીઓનું શું.....?

(જી.એન.એસ) ભારતમાં કોરોનાએ ગંભીર રૂપ ધારણ કર્યું છે. દેશભરમાં કોરોના કેસોનો આંક ૪૫.૬૨ લાખને પાર થઈ ગયો છે. અને વિશ્વમાં બીજા ક્રમાંકનો દેશ બની ગયો છે. દેશમાં કુલ મૃતાક ૭૬,૨૭૪ પર પહોંચી ગયો છે. ત્યારે આશ્ચર્યજનક બાબત છે કે આજ દિન સુધી કોરોના રોગની દવા શોધવામાં વિશ્વ ભરમાં કોઈ દેશને સફળતા મળી નથી છતા દેશમાં ૭૭. ૬૬ ટકા કોરોના દર્દી સાજા થઇ ગયા છે. ત્યારે ગુજરાતમાં કોરોના ગ્રસ્ત કેસનો આક ૧,૧૦,૦૦૦ પહોંચવા પર છે અને મૃત્યુઆંક ૩૧૭૧ પહોંચી ગયો છે. જો કે સાજા થવાની સંખ્યા પણ ૭૭ ટકાથી વધી છે. જો કે ગુજરાતમાં ચિંતાનું કારણ એ બની રહ્યું છે તે કોરોના દર્દીઓની ટ્રીટમેન્ટ કરતા ૨૦૦ થી વધુ ડોક્ટરો, પોલીસો, પત્રકારો કોરોના ની ચપેટમાં આવી ગયા છે. તેમાં પણ ભાજપા પ્રદેશ પ્રમુખના રાજકોટના કાર્યક્રમ યોજાયા બાદ કોરોનાએ લોકોને ચપેટમાં લેવાનું શરૂ કરી દીધું. તેમાં ૧૨૦ જેટલા ડોક્ટરો કોરોનાની ચપેટમાં આવી ગયા છે્ તો અમદાવાદમાં ૬૮ જેટલાં ડોક્ટરો પણ કોરોનાનો ભોગ બન્યા છે. અમદાવાદ- ગાંધીનગર શહેર થી દુર આવેલી પોલીસ તાલીમ કેન્દ્ર કરાઈ પોલીસ એકેડેમીમાં ૩૦ જવાનો પણ કોરોના સંક્રમિત બની જતા ડોક્ટરી આલમ, મેડિકલ સ્ટાફ, પોલીસ કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે અને આ કારણે આઈએમએફ એ રાજકોટના તમામ ડોક્ટરો માટે રેડ એલર્ટ જાહેર કરી દીધી છે જે ગંભીર બાબત છે. માનવ જિંદગી બચાવનારા ડોક્ટરો કોરોના સંક્રમિત બની જાય તો લોકોનુ શું થશે.....? અને આ સમયમાં સોશિયલ મીડિયા પર વાઈરલ થવા સાથે આમ પ્રજામાં સવાલી ચર્ચા ઉઠવા પામી છે કે ગુજરાત ભાજપા પ્રમુખે તબદીલીની ભૂમિકા ભજવી છે તેમની સામે કેસ કરવો જોઈએ. તે સાથે કાયદો તમામ માટે સમાન છે તો ભાજપા પ્રમુખના વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિતો પૈકી કોરોના નિયમોનો ભંગ કરનારા પાસેથી દંડ વસૂલ કરવો જોઈએ. પોલીસને પાટીલના કાર્યક્રમો મીડિયા સમાચાર પ્રસિદ્ધ થયેલ જેમાં વીડિયોમાં સ્પષ્ટ દેખાઇ આવે છે નિયમ કોને તોડ્યા છે... સરકારે જરૂરી પગલાં ભરવા જોઈએ કારણ આ કાનુન ગોડ ગીફ્ટ નથી.....! દેશભરના મીડિયામાં અત્યારે કંગના રનાવત વધુ છવાયેલી છે. એક પ્રજા પ્રિય રાજકિય નેતા હોય તેમ તેની વાતોને સમાચારોમાં મહત્વ આપવામાં આવી રહ્યું છે જેમાં કંગનાની વાતોમાં રાજકીય શબ્દોને મહત્વ હોય છે. તેને ઝેડ સુરક્ષા આપવામાં આવી તે સામે અનેક પ્રશ્નો ઉઠવા પામ્યા છે કે એક રેપ પીડિતાની સુરક્ષા માંગ છતાં સુરક્ષા આપવામાં ન આવી અને રેપ પીડિતા સહિત તેના પરિવારને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો.... તો શું તે ભારતની દીકરી ન હતી અને કંગના ભારતની દીકરી.... વાહ રે સરકાર વાહ આ તમારી નીતિને કેવી સમજવી....? જ્યારે રાજકીય ક્ષેત્રે ચાલતી ચર્ચા મુજબ ભાજપાનો ટાર્ગેટ મહારાષ્ટ્ર સરકાર અને બિહાર ચૂંટણી મહત્વના છે. કંગનાએ મુંબઈને પોક વિસ્તાર કહ્યો જે રાષ્ટ્ર પ્રેમીઓને માટે મોટો ઘા કહેવાય... એટલે સ્વાભાવિક તેની આ વાત સામે વિરોધ હોય પરંતુ જે રીતે શિવસેના નેતાએ આક્રોશ ભર્યો વિરોધ કર્યો તેનો લાભ કંગના પાછળ ની ટીમ ઉઠાવવા પ્રયત્નો કરી રહી છે....! કારણ તેને નામે મહારાષ્ટ્રની સંયુક્ત સરકારને ભીડાવી શકાય.....! તો સુશાંતના મોતના મુદ્દે મહારાષ્ટ્ર શિવસેના નેતાને ભીંસમાં લઇ ને સરકાર પાડી દેવાય અને ભાજપા સરકાર બને......! બીજી તરફ બિહારની ચૂંટણીમાં સુશાંતના મોતને મહત્વ આપી તેનો દોષનો ટોપલો મહારાષ્ટ્ર સરકાર પર ઢોળવામાં આવી રહ્યો છે... તેથી બિહારના મતદારો નીતીશ-ભાજપાની સરકાર ચૂંટી કાઢે... અને આ સમયમાં બિહાર ભાજપાના નેતા અને ઉપ મુખ્યમંત્રી મોદીએ મોટો ભાંગરો વાટી નાખી વડાપ્રધાન મોદી સહિતના નેતાઓને ફીક્સમા મૂકી દીધા છે. તેમને કહ્યું કે ભાજપાએ ૨૦૧૫ માં મોટી રેલીઓ કરવા છતાં માત્ર ૫૩ બેઠકો જ મળી હતી એટલે રેલીઓ કરવાની જરૂર નથી પરંતુ મતદારોને ઘેર ઘેર જઈને સંપર્ક કરવાની જરૂર છે. જ્યારે કે થોડા સમય પહેલા પૂરપીડિતોની મુલાકાતે ગયેલા ભાજપાના સાંસદને લોકોએ ધોલ ધપાટ કરી ભગાડ્યા હતા એટલે નેતાઓ મિડીયા થકી રેલીઓ કરવા માંગે છે. તો આમ પ્રજા ભાજપા-નીતિશ સામે આક્રોશમા છે....છતાં આ તો રાજકિય આંટા પાનાનો ખેલ છે......!? વંદે માતરમ

# બિહારમાં વિપક્ષ બેરોજગારી, મોઘવારી, પૂર પીડિતોનો મુદ્દો બનાવે તો... નીતિશ -ભાજપાને તકલીફ પડી શકે.....!?

(જી.એન.એસ, હર્ષદ કામદાર) ભારતમાં કોરોનાએ ભારે આતંક મચાવી દીધો છે. કુલ કેસનો આંકડો ૪૩,૭૦,૮૫૪ પર પહોંચી ગયો છે. તે સાથે વિશ્વમાં કોરોના બાબતે ભારત બીજા ક્રમે આવી ગયુ છે. જ્યારે મૃતાક ૭૩,૯૫૭ પર પહોંચી ગયો છે. ગુજરાતમાં કોરોના કેસ નોંધાયા તેની કુલ સંખ્યા ૧ લાખ ૮ હજારે પહોંચવાની નજીક છે. ત્યારે મૃતાક ૩૨૦૦ પાર થઈ ગયો છે. જોકે ૮,૬૦૦ થી વધુ કોરોના દર્દીઓ સાજા થઇ ગયા છે. ત્યારે દિલ્હીના રાજકીય ક્ષેત્રે ગુજરાતમાં જે પ્રકારની સ્થિતિ પ્રવર્તી રહી છે તેની ચર્ચા સવિશેષ રહી છે.કારણ કે એક તરફ નેશનલ હેલ્થ કમિશન માસ્ક ક્યારે પહેરવાનો તે અંગે જરૂરી જાહેરાત કરે છે. તો બીજી તરફ ગુજરાતમાં એકલ દોકલ રસ્તે જનારને માસ્ક પહેર્યો ન હોય તો દંડ ફટકારાય છે. તો લોકો લોક પ્રશ્ને એક થઈને જાહેરમાં આવે કે દેખાવો માટે મંજૂરી માગે તો તેને ગુનેગાર ગણવામાં આવે છે કે મંજૂરી મળતી નથી અને જો દેખાવો કરી દે અટકાયત કરવામાં આવે છે.... ત્યારે ભાજપા રેલીઓ કાઢે,મીટીંગો યોજે,સમારંભો કરે તો તેને ગુનો ગણવામાં આવતો નથી... તો ભાજપ સરકારની આ કેવા પ્રકારની નીતિ કહેવાય......? જ્યારે કે ગુજરાત પ્રદેશ ભાજપાના નવ નિયુક્ત પ્રમુખ સી.આર.પાટીલ અતિ ઉત્સાહમાં આવી ગયા અને ગુજરાતભરમાં પ્રવાસનુ આયોજન કરીને નીકળી પડ્યા... જેમાં સૌરાષ્ટ્ર વિસ્તારની મુલાકાતે ગયા અને ત્યા જે રીતે તેમનું ભવ્ય સ્વાગત થયું, જમણવાર યોજાયો, ગરબા થયા તેમાં પ્રદેશ પ્રમુખ પાટીલ સહિતના મોટાભાગના નેતાઓ, કાર્યકરોના મોઢા પર માસ્ક જ નહોતા.... તે સાથે તેમને પોતાની ધાક બેસાડવા ૩૮ જેટલા કાર્યકરોને બરતરફ કરી દીધા.... અને ગુજરાત ભાજપમાં હડકંપ મચી ગઈ..... ત્યારબાદ મંત્રીઓને ભાજપાના કાર્યાલય કમલમમાં બેસી જવા ફરજ પાડી..... તેના કારણે કાર્યકરોના ટોળાંઓ કમલમ ખાતે ઉમટવા લાગ્યા... જ્યાં ન તો માસ્ક ધારકો દેખાતા કે ન તો ડિસ્ટન્સ જાળવનારા....! તો કાર્યકરોને પેજ પ્રમુખને ટિકિટ મળી શકે તેવુ પ્રમુખશ્રીએ કહેલ તે કારણે કાર્યકરો ભાજપા પ્રદેશ કાર્યાલય પર ઉમટવા લાગ્યા હતા. ત્યારે આમ પ્રજા ગાંધીનગર સચિવાલય ખાતે જાય એ બધા ભાજપા કાર્યકરો નથી કે કમલમ જાય.... તે કારણે રાજ્યભરમાં ભાજપા અને તેના પ્રમુખ પાટીલની સામે લોકોમાં આક્રોશ સાથે ટીકાઓ વધી પડી..... તેમજ ભાજપાને વધુ નુકસાન થવાની પણ શરૂઆત થઈ ગઈ..... સ્થાનિક ચૂંટણીઓમાં ભાજપાની હારની શરૂઆત થઈ ગઈ. પાટીલના સૌરાષ્ટ્ર પ્રવાસથી લઈને કમલમ સુધી જનારા માસ્ક ન પહેરેલા કાર્યકરો, નેતાઓ કે કોઈને પણ પોલીસે દંડ ન કર્યો કે ન તો કોઈ કાયદાકીય પગલાં ભર્યા. જાણે કે ગુજરાતમાં કાયદો માત્ર પ્રજા માટે જ છે.....! ભાજપા ખેસ ધારકો માટે નથી....!? અને છેલ્લી સ્થિતિ અનુસાર ૧૮ ધારાસભ્યો, ભાજપાના પ્રવક્તા પંડ્યાજી, કાર્યાલય મંત્રી પરેશ પટેલ સહિત અનેકો કોરોનાની ચપેટમાં આવી ગયા.... ખુદ પ્રદેશ પ્રમુખને ખાનગી મોંઘી હોસ્પિટલમાં દાખલ થવું પડયું... વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેનારા કે કમલમ જનારા અનેક નેતાઓ,કાર્યકરોમાં ફફડાટ વ્યાપી ગયો છે તથા કોરોના ટેસ્ટ કરાવવા દોડતા થઇ ગયા છે.....! તો કોરોના ફેલાવવા બાબતે અન્યોની જેમ કેસ શા માટે ન થઈ શકે...? તેવો પ્રશ્ન પણ ઉભો થયો છે. ભાજપા કાર્યાલય કમલમ ખાતે કાર્યકરોને ન આવવા માટે સૂચના આપી દીધી હોવાનું કહેવાય છે....! દિલ્હી રાજકીય ક્ષેત્રે બિહાર સહિતની ૬૫ બેઠકોની પેટા ચૂંટણીની ચર્ચા વધુ પ્રમાણમાં ચાલી રહી છે. બિહારમાં નીતીશકુમાર-ભાજપાના સાથી પક્ષો એલજેપીની સરકાર છે. ત્યારે નીતીશકુમારે માંઝીને પોતાની સાથે લેતા એનડીએમા ધમાસણ મચી ગઈ છે.... કારણ એલજેપી અને જેડીયુ વચ્ચે ૧૨ નો આંકડો છે.... જે કારણે નીતીશ-ભાજપા માટે તકલીફ થઇ શકે તેમ છે... નહીંતો દલીત સામે મહા દલિત અથડાઈ પડે તો નીતીશ- ભાજપા બંનેને નુકસાન થઇ શકે.....! જો કે બિહારમાં વિપક્ષે જરૂરી બેટિંગ શરૂ કરી નથી ટૂંકમાં આરજેડીએ.....અને કોંગ્રેસમાં પણ જે સક્રિયતા જરૂરી છે કે અલોપ થઈ ગઈ છે....! આવી સ્થિતીમા કોંગ્રેસ આરજેડી બેટિંગ માટે વ્યુહ રચના ગોઠવી રહ્યા છે. જો કે ભાજપાએ યુવા પાખ દ્વારા સુશાન્તના મોતનો મુદ્દો ચગાવ્યો છે...તેના પોસ્ટરો ગ્રામ્ય સ્તરે સુધી લાગી ચૂક્યા છે .મીડિયામા પણ એ જ મુદ્દે સમાચાર, ડીબેટો ચાલી રહી છે... તો હવે રિયા મુદ્દો પણ સામે આવી જતા તેની અને સુશાન્તની સ્ટોરીઓ,ડીબેટો, સમાચાર શરૂ થઈ ગયા છે..... પરંતુ કોઈપણ પક્ષ બેરોજગારો, મોંઘવારી જેવા પ્રશ્નો ઉઠાવતા નથી... તો ગ્રામ્ય સહિતના સ્તરે કોરોના કારણે રોજગારીની ગુમાવનારા ગોવા સિવાયના જે તે રાજ્યોમાંથી પરત આવેલા શ્રમજીવીઓ નીતીશ-ભાજપા બંન્નેથી ખૂબ જ નારાજ છે-તેમનામાં આક્રોશ છે અને આ મુદ્દો ચૂંટણીમાં ઉપડી જશે તે સાથે પુર પિડીતોનો મુદ્દો ઉપડી જશે...જે મુદ્દા કોંગ્રેસ અને આરજેડી ચગાવશે..... તો નીતીશ- ભાજપા માટે કપરા ચઢાણ બની શકે.....!

# ધારાસભ્યોના જરૂરી પગાર સાથે ભથ્થા કાપનો નિર્ણય કરે તો ગુજરાત દેશનું રાહબર રાજ્ય બની જાય.....?!

(જી.એન.એસ, હર્ષદ કામદાર) દેશમાં કોરોના સંક્રમિત ના કેસનો આંકડો ૩૮.૩૭ લાખથી આગળ વધી રહ્યો છે. તો સામે સાજા થયેલા દર્દીઓની સંખ્યા ૩૦ લાખને આંબવા પર છે. પરંતુ આ બધી બાબતો વચ્ચે ભારતમાં ૨૨ દિવસ પહેલા કોરોના મારટ દવા શોધવાનો જે દાવો કરાયો હતો તે બાબતના કોઈ જ સમાચાર નથી... કે આ દવાનું સંશોધન કયા તબક્કે પહોંચ્યું છે તે અંગે કોઈ પણ દાવા થયા નથી. ગુજરાતમાં કોરોના સંક્રમિત કેસોની સંખ્યા વધતી ચાલી છે જે કારણે એક લાખનો આક પાર થઈ જશે તેવી સ્થિતિ બની રહી છે.....! બીજી તરફ ગુજરાતના નવનિયુક્ત ભાજપ પ્રદેશ પ્રમુખ સૌરાષ્ટ્ર વિસ્તારમાં જે પ્રકારે મુલાકાત લીધી અને અનેક નાના મોટા નેતાઓ, ધારાસભ્યો, કાર્યકરો સહિતનાએ ઉમળકાભેર કોરોના બાબતેના નિયમોનું ઉલ્લંઘન કરવા સાથે સ્વાગત કર્યું, ભોજન સમારંભ યોજાયા, ગરબા ગવાયા, મીટીંગો થઇ તેના કારણે રાજકોટ તથા સૌરાષ્ટ્રના કેટલાક ગ્રામ્ય મથક વિસ્તારોમાં કોરોના કેસોની સંખ્યા વધી ગઈ હોવાથી સર્વત્ર વ્યાપી ચર્ચાઓ વધી ગઈ છે. તેમાં પણ ૧૮ ધારાસભ્યો કોરોનાની ચપેટમાં આવી ગયા અને રાજકોટમાં કોરોનાથી ૩૨ લોકોના મૃત્યુ થતા આમ પ્રજામાં ભાજપ પ્રમુખ સામે આંતરિક રોષ વ્યાપી ગયો છે..... લોકો કહે છે કે કોરોના જેવી મહામારીમાં પાર્ટીનો ચૂંટણી પ્રચાર કે સંગઠ્ઠનના માટે આ રીતે ખોટા સમયમાં નીકળે તે યોગ્ય ન કહેવાય. તેમની મુલાકાત આમ પ્રજાને નડી ગઈ છે .....! તેમનુ શું જવાનું કે ગુમાવવાનું છે.....? બીજી તરફ ગુજરાત સરકાર વિવિધ ગુનાખોરી ડામવા માટે આકરા કાયદા લાવી રહી છે જેનાથી લોકોમાં રૂપાણી સરકાર માટે માન વધી ગયું છે. પરંતુ આ નવા કાયદાઓનો અમલ ઈમાનદારીથી કોઈપણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વગર કે વહાલા દવલાની નીતિ ન રાખવામાં આવે તો ગુજરાતના લોકો ફરી ભાજપાનેજ મહત્વ આપતા થઈ જશે.....! ગુજરાત સરકાર એક પછી એક વિવિધ નિર્ણય લેવા લાગી છે તેમાં ધારાસભ્યોના ૩૦ ટકા પગાર કાપનો નિર્ણય એક વર્ષ માટેનો કર્યો છે. અત્યારના સમયમાં ધારાસભ્યશ્રીને દર મહિને પગાર ભથ્થાના રૂપિયા ૧,૧૬,૩૧૬ મળે છે. તો મિટિંગ- બેઠક માટેનું ભથ્થુ પ્રતિદિન રૂપિયા ૧,૦૦૦ મળે છે. મોબાઈલ, પોસ્ટ, પ્રવાસ માટે રૂપિયા ૧૦,૦૦૦ મળે છે. ત્યારે શિક્ષિત અને જાગૃત લોકોમાં એવી સવાલી ચર્ચાઓ છે કે ધારાસભ્યનો મન્થલી પગાર કેટલો છે....? તેઓનું ભથ્થુ કેટલું છે....? અન્ય બાબતના ભથ્થા ખર્ચ અપાય છે તે દર મહિને કેટલા....? અત્યારના સમયમાં કોઈ ધારાસભ્ય પ્રજાની મુલાકાતે કે પ્રજાની વચ્ચે છેલ્લા પાંચેક માસથી ગયા નથી....!! તો તેઓને પગાર ભથ્થા શા માટે આપવાના.....?વળી રૂપાણી સરકારે પગાર કાપની વાત કરી છે કે અન્ય કોઈ ભથ્થા કાપવાની વાત કરી નથી... ત્યારે આને કેવા પ્રકારનો કાપ સમજવો.... પ્રજાને ચુઈંગ ગમ તો નથી બતાવી ને...?! બાકી ગાંધીના ગુજરાતમાં તો ઠીક સમગ્ર દેશમાં રાજકારણ એક સેવાનું ક્ષેત્ર છે તેમાં વળતરની અપેક્ષા ન હોય... પછી આવા પગાર-ભથ્થાઓ તો પ્રજા ઉપર મોટો બોજ જ છે... ત્યારે ખરેખર રૂપાણી સરકારે એવી જાહેરાત કરવી જોઈએ કે નિર્ણય લેવો જોઈએ કે ધારાસભ્યોના પગાર-ભથ્થાઓ સહિતના વિવિધ ભથ્થાઓમાં ૭૦ ટકા કાપ ૫ વર્ષ માટેનો કરવો જોઈએ..... કારણ કેન્દ્ર અને રાજ્ય સરકારોને નાણાંની જરૂર છે.જેથી સરકારને અને પ્રજાને રાહત થાય. તે સાથે જ કેન્દ્ર સરકારે પણ સાંસદોના પગાર ભથ્થા વગેરેમાં ૫૦ ટકા કાપ મૂકવો જોઈએ. જો ગુજરાત સરકાર પગાર ભથ્થામાં ૭૦ ટકા કાપનો નિર્ણય કરે તો દેશભરની પથદર્શક સરકાર બની જશે..... અને અન્ય રાજ્યો ગુજરાત સરકારના પથ પર ચાલવાની ફરજ પડશે.....!? પરંતુ ગુજરાત સરકાર આવો નિર્ણય કરશે કે કેમ....? તે સવાલ બહુ જ મોટો છે. કારણ અત્યારના સમયમાં "પૈસો મારો પરમેશ્વર ને હું પૈસાનો દાસ" નું વર્ચસ્વ મોટા ભાગની પ્રજામાં વ્યાપી ગયું છે......!?

# સુશાંત બિહારનો, રિયા પશ્ચિમ બંગાળની, કંગના હિમાચલની અને મહારાષ્ટ્ર સરકાર ટાર્ગેટ શા માટે.....?

(જી.એન.એસ, હર્ષદ કામદાર) ભારતમાં કોરોના કિસોમાં દિન-બ-દિન સતત વધારો થઈ રહ્યો છે. દેશમાં ટોટલી કોરોના કેસોની સંખ્યા ૪૬,૫૯,૯૮૪ એ પહોંચી ગઇ છે. અને મૃતાક ૭૭,૫૩૪ ઉપર પહોંચી ગયો છે. જ્યારે ગુજરાતમાં કોવીડ ૧૯ ના કેસોનો આંક કુલ ૧ લાખ ૧૧ હજારથી આગળ વધી રહ્યો છે, અને મૃતાંક ૩૧૮૯ ઉપર પહોંચી ગયો છે. સરકારે આમ પ્રજાને કોરોનાથી બચવા માટે માસ્ક,ડિસ્ટન્સ જાળવવા સહિતના નિયમો જાહેર કર્યા છે. પરંતુ જે પ્રકારે અનલોક જાહેર કરી છૂટછાટો આપી અને તેમાં પણ ભાજપાના નેતાઓએ જે રીતે કાર્યક્રમો યોજ્યા તેમાં નાના- મોટા નેતાઓ, કાર્યકરોની ફોજ ઉતરી પડી જેમાં મોટાભાગના માસ્ક પહેરવાથી આને ડિસ્ટન્સ જાળવવાથી દૂર રહ્યા તથા નિયમોના ધજીયા ઉડાવ્યા તેની અસર અસમજુ લોકોમા પણ થઈ તેવા અનેક લોકો માસ્ક પહેરવાથી દૂર રહ્યા પરંતુ ડિસ્ટન્સ પણ જાળવતા નથી.....જે મોટી ચિંતાની બાબત છે. તો આમ પ્રજા હવે આક્રોશ સાથે કોરોના ફેલાવવા માટે ભાજપાના નેતાઓ અને કાર્યકરોને જવાબદાર ગણવા લાગી છે......! આ કારણે ભાજપાને નુકસાન થવાની શક્યતા વધી પડી છે....! ખુદ વડાપ્રધાન મોદીજી આમ પ્રજાને કોરોનાથી બચવા માટે કોરોના નિયમોનું પાલન કરવા અપીલ કરે છે-ચેતવે છે.ત્યારે ભાજપાના કેટલાક નેતાઓ માસ્ક ધારણ કરવા અને ડિસ્ટન્સ જાળવણી કરે છે ત્યારે ભાજપના કેટલાક નેતાઓ અને કાર્યકરો તેઓની ચેતવણીને અવગણ તા રહે છે... આવા મહામારી ના સમયમાં પશ્ચિમ બંગાળ ભાજપા પ્રદેશ પ્રમુખ દિલીપ ઘોષ કોરોના જતો રહ્યો છે તેવું એક રેલીમાં કહેતા ખુદ ભાજપાના નેતાઓ ભડકી ગયા છે. ત્યારે લાગે છે કે મોદીજીની વાત આમ પ્રજા સાંભળે છે, અને તેમની કહેલ શિખામણ તથા અપીલનું પાલન પણ કરે છે... પરંતુ ખુદ ભાજપાના કેટલાક ઉબાડીયાબાજ નેતાઓ મોદીની સલાહ કે અપીલને અવગણે છે કે ઘોળીને પી જાય છે..... મતલબ મોદીજી નું સાંભળતા નથી.....! કોરોના મહામારી વચ્ચે દેશમાં અને તેમાં પણ બિહારમા બે મહિલાઓની ભારે બોલબાલા શરૂ થઈ ગઈ છે. કંગના રનાવત અને રિયા ચક્રવર્તી ની... આ બંને સુશાંતના મોત મામલે રાજકારણીઓએ ચર્ચા મેદાનમાં લાવી લીધી છે.... જોકે કંગના વિવિધ નિવેદનો મીડિયા માધ્યમ દ્વારા આવી રહ્યા છે જેમાં રાજકારણની બુ આવી રહી છે. તેને સોનિયા સેના કહીને કોંગ્રેસ વિવાદમાં ઉતરી પડે તેવું નિવેદન આપ્યું હતું... પરંતુ આ તો અનુભવી કોંગ્રેસ છે... જેની પાસે વિચારશક્તિ ધરઃવતા અવ્વલ નેતાઓ છે... એટલે કોંગ્રેસની કોઈપણ વ્યક્તિએ આ બાબતે નિવેદન ન કર્યું કે ના તેના નામનો ઉલ્લેખ કર્યો. ત્યારે લોકો ચર્ચા કરી રહ્યા છે કે સુશાંતસિંહ બિહારનો છે, રિયા પશ્ચિમ બંગાળની જ્યારે કંગના હિમાચલ પ્રદેશની છે અને બધી ભેજામારી મહારાષ્ટ્ર સરકાર સામે... આને શું કહીશું....? મહારાષ્ટ્ર માં શિવસેના, એનસીપી, કોંગ્રેસ, અઘાડી પક્ષની સરકાર છે ત્યારે ભાજપાને કોઈપણ રીતે પોતાની આગેવાની હેઠળની સરકાર બનાવવી છે....! નહીં તો પોલીસ, અને હવે સીબીઆઈ તપાસ ચાલી રહી છે તેમાં પણ એનસીબીએ ઝંપલાવ્યું છે ત્યારે મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી ફડણવીસ કૂદી પડ્યા છે... તેઓએ મહારાષ્ટ્ર સરકાર પર દોષારોપણ કર્યું છે કે સરકાર કંગના પાછળ પડી ગઈ છે અને કોરોનાને ભૂલી ગઈ છે..... મતલબ ભાજપાના સત્તા મેળવવા માટેના આ બધા ખેલ ચાલી રહ્યા છે.....! ત્યારે કેટલાક સાધુ-સંતો કંગનાના સમર્થનમા મેદાનમાં ઉતરી પડતા લોકો આલોચના કરતાં કહે છે કે એક રેપ પિડીતા અને તેના પરિવારને મોતના મુખમાં ધકેલી દીધા ત્યારે ક્યાં ગયા હતા....? શું કંગના આ સાધુ-સંતો કે ધર્મ સ્થાનો માટે ક્યારેય ઊભી રહી છે ખરી....? કે પછી સાધુ સંતો રાજકીય રંગમાં કોઈ તક ઝડપવા માગે છે......?

# ડિજિટલ શિષ્ટાચાર પણ જરૂરી છે !

(જી.એન.એસ) આજના સમયમાં ઘેર બેઠાં તમારા મોબાઈલ માં આખી દુનિયા સમાઈ જાય છે! માણસે છેલ્લાં કેટલાંક વર્ષોમાં ટેકનોલોજીમાં ઘણી પ્રગતિ કરી છે, એના પરિણામે તમે ઘેરબેઠાં બેક્િંગ, બિલિંગ, ઓફિસનું કામ કરવાથી માંડીને સ્કૂલના ક્લાસ પણ ભરી શકો છો! ઈન્ટરનેટ થકી બધાં કામ સહેલાઈથી ઘેરબેઠાં સહજ થવા લાગ્યાં છે. આ સાથે જ એક વાત ધ્યાનમાં આવી છે કે, વ્યાપાર અર્થે કે ઓફિસ મીટીંગ માટે કે, અન્ય કોઈ કામકાજને માટે વિડીયો કોન્ફરન્સિંગ કરવામાં આવે છે, તેના માટે અમુક શિષ્ટાચાર જરૂરી છે. તમારી પ્રસ્તુતિ, તમારો દેખાવ, પહેરવેશ તેમજ વ્યવહારમાં શાલીનતા જરૂરી છે. આ બાબતે અમુક વિરોધી વાતો સામે આવી છે. કોરોના પ્રકોપને કારણે હવે કોર્ટમાં પણ કેસની સુનાવણી ડિજિટલ ગોઠવવામાં આવી રહી છે. સ્તબ્ધ કરનારી એક ઘટના રાજધાની દિલ્હીની છે. કોર્ટમાં ચાલી રહેલી વિડીયો કોન્ફરન્સિંગમાં કેસની સુનાવણી દરમ્યાન વકીલ બેડ પર સૂતાં હતા તેમજ તેમણે ઘરેલૂ પહેરવેશ પહેર્યો હતો. આ દ્રશ્ય જોઈને ન્યાયાધીશ ઘણા નારાજ થઈ ગયા. તેમણે વકીલને સ્પષ્ટપણે કહી દીધું, કેસની સુનાવણીની બાબતમાં તો ન્યૂનતમ શિષ્ટાચારનું પાલન થવું જ જોઈએ, સુનાવણી ડિજિટલ હોય તો પણ પ્રેઝન્ટેબલ હોવું જ જોઈએ. ઉપરાંત એ પણ ટિપ્પણી કરી કે, દરેક જણ અત્યારે કપરા સમયમાંથી પસાર થઈ રહ્યું છે. આથી ડિજિટલ કોર્ટની સુનાવણી એ હવે સામાન્ય ન્યૂ નોર્મલ થઈ ગઈ છે. ગયા એપ્રિલ મહિનામાં પણ આવી જ એક ઘટના સામે આવી હતી. રાજસ્થાનના એક વકીલ વિડીયો કોન્ફરન્સિંગમાં બનિયાન પહેરીને ઉપસ્થિત થયાં હતાં. ત્યારે પણ રાજસ્થાન કોર્ટના ન્યાયાધીશે પોતાની નારાજગી બતાવી હતી. આ વાતો ફક્ત ન્યાયાલય પૂરતી જ નથી. હાલના કોરોના સંક્રમણના સમયમાં કોઈને બહાર ના નીકળવું પડે એટલે બધે ઠેકાણે ઓફિસના સેમિનાર તેમજ મીટીંગ ઈન્ટરનેટ પર તેમજ મોબાઈલ એપના માધ્યમથી થઈ રહ્યાં છે. સ્કૂલ તેમજ કોલેજના વિદ્યાર્થીઓને પણ હવે ઈન્ટરનેટ તેમજ મોબાઈલ એપના માધ્યમથી વિડીયો કોન્ફરન્સિંગ દ્વારા ભણતર અપાઇ રહ્યું છે. પરીક્ષાઓ લેવાઇ રહી છે, અમુક ઠેકાણે ઈન્ટરવ્યૂ પણ થઇ રહ્યાં છે. પરંતુ ઘરેથી કામ કરવું એટલે જરૂરી શિષ્ટાચારને બાજુએ મૂકી દેવો એ જરા પણ યોગ્ય નથી! જે સભ્યતા ઓફિસમાં કે સાર્વજનિક સ્થળોએ રાખવામાં આવે છે, એ જ શિષ્ટાચાર વિડીયો કોન્ફરન્સિંગ દરમ્યાન મીટીંગ માટે પણ જરૂરી છે. જો કે, વિદેશોમાં પણ અમુક આવી જ ઘટનાઓ સામે આવી છે. જેમ કે, વિડીયો કોન્ફરન્સિંગ અથવા મોબાઈલ એપની મીટીંગમાં ભાગ લેનારના બાળકો મોબાઈલ અથવા લેપટોપની સામે આવી ગયા હોય, કોઈ ઠેકાણે તો ડિજિટલ મીટીંગોમાં અમુક લોકો પોતાના ઘરના લોકો પર ગુસ્સે ભરાતાં જોવા મળ્યા હતા અથવા તો ઘરના જ કોઈ સદસ્ય કંઈ કહેતાં સંભળાયા હતા! સ્કૂલ-કોલેજના ડિજિટલ ભણતર વખતે શિક્ષકોની મોટે ભાગે ફરિયાદ રહી છે કે, બાળકો ક્લાસ ચાલુ હોય તે દરમ્યાન કેમેરો બંધ કરીને ઊંઘી જતા હોય અથવા કોઈ બીજી વાતોમાં એમનું ધ્યાન પરોવાયેલું હોય છે! ઈન્ટરનેટ આપણને જે સ્વતંત્રતા આપે છે, તે જાળવી રાખવાની દરેકની વ્યક્તિગત જવાબદારી છે. આપણા વર્તન વ્યવહારની સામેવાળા પર અસર થાય છે. આપણા સારા વ્યવહાર થકી ઓનલાઈન જોડાયેલી વ્યક્તિને પણ આપણે વિનમ્રતા, સદ્વ્યવહાર માટેની પ્રેરણા આપી શકીએ છીએ! આ બાબતોની રૂપરેખા માઈક્રોસોફ્ટે પણ દોઢેક વર્ષ પહેલાં બહાર પાડેલી ‘ડિજિટલ સિવિલિટી ઈન્ડેક્સ’માં જોવા મળે છે. તેમાં ૧૮ થી ૩૪ વર્ષના યુવાનોના ઈન્ટરનેટ પર કરવામાં આવેલા વ્યવહાર વિશે જણાવવામાં આવ્યું છે. તેમજ ભારતીયો ઈન્ટરનેટ પર પોતાનો વ્યવહાર કઈ રીતે સુધારી શકે. એ વિશે પણ સૂચનો મૂકવામાં આવ્યા છે. એક સૂચન અનુસાર દરેક પબ્લિક કે પ્રાઈવેટ સંસ્થાએ ઈન્ટરનેટ પર આચાર સંહિતા જાહેર કરવી જોઈએ. ઓફિસ કામ કે સ્કૂલના અભ્યાસ દરમ્યાન વિડીયો કોન્ફરન્સમાં ઉપસ્થિત દરેક જણે સજાગ રહેવું જોઈએ. વિડીયો કોન્ફરન્સ દરમિયાન ધ્યાન રાખવાના જરૂરી મુદ્દાઓઃ

★ તમારી ઓળખાણ આપોઃ વિડીયો કોન્ફરન્સની શરૂઆતમાં તમારી ઓળખાણ આપો. જેથી અન્ય કોઈને તમને ઉદ્દેશીને વાત કરવી હોય તો સહેલાઈથી કરી શકે.

★ સ્પષ્ટ રહોઃ બોલતી વખતે તમારો અવાજ ચોખ્ખો રાખો, શબ્દોના ઉચ્ચારણ સ્પષ્ટ રાખો. જેથી દરેક જણ તમારી વાત સમજી શકે.

★ માઈક્રોફોન ક્યારે મ્યૂટ રાખવુંઃ તમારે બોલવાનું ન હોય ત્યારે માઈક્રોફોનને મ્યૂટ કરી શકો છો. જેથી તમારાથી ભૂલથી કોઈ અવાજ થાય તો બોલવાવાળાનું ધ્યાનભંગ ન થાય.

★ શારીરિક ભાષા ટાળોઃ વાતો કરતી વખતે હાથ દ્વારા સંકેત આપવાનું ટાળવું, વધુ પડતું માથું હલાવવાનું પણ ટાળવું.

★ પહેરવેશ વ્યવસ્થિત રાખોઃ જો તમારે ઓફિસ મીટીંગમાં હાજર થવું હોય તો તે પ્રમાણે યોગ્ય પરિધાન રાખવો અને સામાન્ય અનૌપચારિક કોલમાં સાદો પહેરવેશ રાખી શકાય.

★ મુદ્દાસર વાત કહેવીઃ તમારી વાત કહેતી વખતે એ પણ ધ્યાનમાં રાખો કે એ વાત મિટિંગમાં નિશ્ચિત કરેલા એજન્ડામાં છે કે નહીં.

ડિજિટલ શિષ્ટાચાર ફક્ત ઓફિસ કામકાજ વખતે જ નહીં. પરંતુ પારિવારિક ગોષ્ઠિ દરમ્યાન પણ ધ્યાનમાં રાખવો. કોરોના સંક્રમણને કારણે ડિજિટલ પ્લેટફોર્મ પર સગા સંબંધી તેમજ મિત્રોને મળવું અને વાતચીત કરવી એ હવે ન્યૂ નોર્મલ થશે. વિડીયો કોન્ફરન્સ બાબતે પ્રખ્યાત મનોવૈજ્ઞાનિક એરોન બૈલિકનો મત છે કે, કાર્યની પ્રકૃતિ પ્રમાણે ડિજિટલ સંપર્કમાં બ્રેક લેવો જોઈએ. જો તમે તમારા મિત્રો કે સગા સંબંધીઓ સાથે વાત કરતા હોવ તો મનફાવે ત્યારે બ્રેક લઈ શકો છો. પરંતુ કાર્યાલયને લગતી ઔપચારિક મીટીંગમાં અનુમતિ લઈને બ્રેક લેવો. આજના આધુનિક સમયમાં ડિજિટલ શિષ્ટાચાર પણ હવે ધ્યાનમાં લેવાની બાબત થઈ ગઈ છે.

# શું હોય છે જેનેરીક દવા ? જેનેરીક દવા આટલી સસ્તી શા માટે હોય છે ?

(જી.એન.એસ) આમ રીતે ડોક્ટર મોંઘી દવા લખે છે તેનાથી બ્રાન્ડેડ દવા કંપનીઓ ખૂબ નફો કમાય જાય છે. પરંતુ શું તમે જાણો છો કે તમે ડોક્ટર ની લખેલી દવા સસ્તી પણ ખરીદી શકો છો. જે તમારા ડોક્ટર તમને જે દવા લખીને આપે છે તે સ્થળની જેનેરીક દવા તમને ખૂબ સસ્તામાં મળી શકે છે. મોંઘી દવા અને તેજ કેમિકલની જેનેરીક દવા ની કિંમતમાં ઓછામાં ઓછા ૫ થી ૧૦ ગણાનો અંતર હોય છે. ઘણી વખત જેનેરીક દવાઓ અને બ્રાન્ડેડ દવાની કિંમતમાં ૯૦% સુધી માં પણ ફરક હોય છે. કોઈ એક બીમારીના ઈલાજ માટે તમામ રિસર્ચ અને પછી એક કેમિકલ તૈયાર કરવામાં આવે છે. જે આસાનીથી ઉપલબ્ધ કરાવવા માટે દવાની શક્લ દેવામાં આવે છે. તે કેમિકલને દરેક કંપની અલગ અલગ નામોથી વેચે છે. કોઈ તેને ઉંચા ભાવમાં વેચે છે તો કોઈ સસ્તા પરંતુ આ કેમિકલને નામ કમ્પોઝિશન અને બીમારીને ધ્યાનમાં રાખતા એક સ્પેશિયલ કમિટી દ્વારા ડેટામિનેટ કરવામાં આવે છે. કોઈપણ કેમિકલનું નામ પૂરી દુનિયામાં એક જ હોય છે. જ્યાં પેટન્ટ દવાઓ ની કિંમત કંપનીઓ ખુદ નક્કી કરે છે ત્યાં જેનેરિક દવા ની કિંમત નક્કી કરવા માટે સરકારનો હીકીહિક્ષી હોય છે. જેનાથી દવાઓની મનમાં ની કિંમત નક્કી નથી કરી શકાતિ. તે વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના મુતાબીક ડોક્ટર જો દર્દીઓને જેનરીક દવાઓ પ્રિસ્ક્રાઈબ કરે તો ડેવલોપ કન્ટ્રીઝમાં હેલ્થ ખર્ચ ૭૦ ટકા અને ડેવલોપિંગ કન્ટ્રીઝમાં અને એનાથી પણ ઓછો હોઈ શકે છે. જેનરીક દવાઓ મોંઘી અને બ્રાન્ડેડ દવાઓ સસ્તી છે. તેનો અસર અને સાઈડ ઈફેક્ટ બધું બ્રાન્ડેડ દવાઓ જેવો જ હોય છે. તેનો કમ્પોઝિશન પણ તે જ હોય છે તે ખૂબ જ સસ્તી એટલા માટે હોય છે કારણ કે તેને બનાવવા માટે માર્કેટિંગ અને મોટા પ્લાન્ટ ની રીત થી પૈસા ખર્ચ નથી કરતા. રોગ પર તેની અસર તેવી જ રીતે થાય છે જેવું નામી કંપની તેમજ દવાઓની અસર થાય છે. પરંતુ ખોટી અફવા બનાવી દીધી છે કે મોંઘી દવાઓ ની અસર જેનેરીક દવાઓ ના મુકાબલે વધારે જ વધારે થાય છે જેનરીક દવાઓ વિના કોઈ પેટન્ટ ના બનાવી અને સર્વ કરવામાં આવે છે. આ જેનેરિક દવાઓ ના ફોર્મ્યુલેશન પર પેટન્ટ હોઈ શકે છે પરંતુ તેના મટીરીયલ પેન્ટ નથી કરવામાં આવતો. ઈન્ટરનેશનલ સ્ટેન્ડથી બનેલી જેનરીક દવાઓ ની કવોલેટી બ્રાન્ડેડ દવાઓ થી ઓછી નથી હોતી ના તેનો અસર ઓછો હોય છે, તેના સાઈડ ઈફેક્ટ બધુ દવાઓ જેવું હોય છે. જેવી રીતે ઈરેક્ટાઈલ ડિસફંક્શન માટે વિયાગ્રા ખૂબ જ પોપ્યુલર છે. પરંતુ તેની દવા સિલડે નાફિલ નામ થી મોજૂદ છે. પરંતુ લોકો વિયાગ્રા લેવુ જ પસંદ કરે છે કારણ કે કે તે ખૂબ જ પોપ્યુલર થઈ ગઈ છે. તેની ખૂબ પબ્લીસીટી ઈન્ટરનેશનલ લેવલ પર છે. જેનેરીક દવાઓનો પ્રચાર માટે કંપનીઓ પબ્લિસિટી નથી કરતી. દવાઓ બજારમાં આવવાની પહેલા દરેક રીતે ડીફકલટ સ્ટાન્ડર્ડ લેવલ થી ગુજરે છે. ઠીક એવી જ રીતે થી ‘ગલાઈકેવ’ બ્લડ કેન્સરના માટે ની દવા ની મહીનાભર ની દવા ની કિંમત ૧,૧૪,૪૦૦ રૂપિયા થશે જ્યારે બીજા ગ્રાન્ટની ‘વીનેટ’ દવાનો મહિના ભરનો ખર્ચ ૧૧,૪૦૦ થી પણ ઓછો થશે. ઘણી વખત ડોક્ટર ફક્ત કેમિકલ નું નામ લખીને આપી દે છે અને ઘણી વખત ફક્ત દવાનો નામ. કેટલાક ખાસ બીમારી છે જેમાં જેનેરીક દવાઓ મોજૂદ હોય છે. પરંતુ તેની બ્રાન્ડેડ દવાઓ મોંઘી આવે છે. તે બીમારી છે જેમકે હાર્ટડી ઝીઝ , ન્યુરોલોજી ડાયાબિ ટીસ ,કિડની , યુરિન . આ બીમારીઓની જેનેરીક અને બ્રાન્ડેડ દવાઓ ની કિંમતમાં ખૂબ જ વધારે અંતર જોવા મળે છે. ડોક્ટરને કહો કે તે જેનેરીક દવા જ લખે. જેનેરીક દવા વધારે ચલણમાં ન હોવાના કારણે ડીલર પણ નહીં રાખતા હોય. જો તમે કોઈ દવા નિયમિત રૂપથી લઈ રહ્યા છો તો મેડિકલ વાળા થી કહો કે તે દવાની જેનેરીક દવા ઉપલબ્ધ કરાવે. મોટા શહેરમાં એક્સક્લૂસિવ જેનરીક મેડીકલ સ્ટોર હોય છે પરંતુ તેનો ઠીક પ્રચાર ન હોવાના કારણે તેનો લાભ લોકોને નથી મળી શકતો. મજબૂરી માં લોકો ને જેનેરીક દવા ની જાણકારી ન હોવાના કારણે મોંઘી દવા ખરીદવા પણ મજબૂર થઈ જાય છે.

## કાલમેઘડા ગામે રમતા રમતા ભાઈ-બહેન સહિત ૩ બાળકોના ખાડામાં ડૂબી જતા મોત

(જી.એન.એસ.)જામનગર,તા.૧૩ જામનગર જિલ્લામાં આ વર્ષે મેઘરાજાની કૃપાથી નાના ખાડાથી લઈને મોટા ડેમ પાણીથી છલોછલ થઈ ગયા છે. એક તરફ મેઘકૃપા વરસી તો બીજી તરફ પાણી ભરેલા ખાડા કાળ સમાન સાબિત થઈ રહ્યા છે. કાલાવડ તાલુકાના કાલમેઘડા ગામે ભાઈ-બહેન રાહુલ અને કિરણ સહિત ત્રણ બાળકો ખેતરમાં રમતા હતા. પરંતુ કોઈ કારણોસર બાજુમાં પાણી ભરેલા ખાડામાં પડતા ત્રણેયના ડૂબી જવાથી મોત નીપજ્યા હતા. આથી નાના એવા ગામમાં શોક વ્યાપી ગયો છે. કાલમેઘડા ગામે હિતેન્દ્રસિંહની વાડીએ અન્ય રાજ્યમાંથી ખેતમજૂરી કરવા આવેલા શ્રમિક પરિવારના દિલીપ ઠાકોરના ૧૦ વર્ષીય પુત્ર રાહુલ અને ૫ વર્ષીય પુત્રી કિરણ બાજુમાં આવેલા મુસ્તાકભાઈની વાડીમાં ખેતમજૂરી કરતા શૈલેષભાઈ ઠાકોરની પાંચ વર્ષીય પુત્રી રીયા સાથે ખેતરમાં રમી રહ્યા હતા. ત્યારે ખેતરની બાજુમાં જ પાણી ભરેલા ખાડામાં કોઈ કારણોસર ત્રણેય પડ્યા હતા અને ત્રણેયના ડૂબી જવાથી મોત નીપજ્યા છે. ત્રણેય બાળકો ડૂબી રહ્યા હતા ત્યારે ચીચયારીઓ પાડી રહ્યા હતા. આથી આજુબાજુની વાડીમાંથી લોકો દોડી આવ્યા હતા. લોકોએ પાણીના ખાડામાં કૂદકા મારી ત્રણેય બાળકોને બહાર કાઢી સારવાર માટે કાલાવડ હોસ્પિટલે ખસેડ્યા હતા. પરંતુ હોસ્પિટલમાં ફરજ પરના તબીબે ત્રણેય બાળકોને મૃત જાહેર કરતા પરિવારે કલ્પાંત કર્યો હતો. બાદમાં પોલીસને જાણ થતા દોડી આવી હતી અને પરિવારજનોની પૂછપરછ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ભૂજની પ્રાદેશીક વાહન વ્યવહાર કચેરીમાં ૧૧ કર્મચારીઓ કોરોના સંક્રમિત થતાં ખળભળાટ

(જી.એન.એસ.)ભુજ,તા.૧૩ હાલ સમગ્ર ગુજરાતમાં કોરોનાનો કહેર યથાવત છે ત્યારે ભુજની પ્રાદેશીક વાહન વ્યવહાર કચેરીમાં શુક્રવારે અને શનિવારે ૧૧ અધિકારી અને કર્મચારીઓ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં ભળભળાટ મચી ગયો હતો. ૫૦ ટકા જેટલો સ્ટાફ કોરોનાની ઝપેટમાં આવી જવાથી સોમવારથી કચેરી અત્યંત જરૂરી કામગીરી હોય તો જ એન્ટ્રી મળશે. સંક્રમણ વધુ ફેલાય તેની માટે એક કમિટી બનાવવામાં આવી છે જેને મેઈન ગેટ પર બેસાડવામાં આવશે. અમુક કર્મચારીઓના સેમ્પલ નેગેટીવ આવ્યા છે તો અમુકની ડ્યુટી ચેકિંગ પોઈન્ટ પર હોવાથી તેઓ કચેરીના સંપર્કમાં જ આવ્યા નથી. ભુજની આરટીઓમાં ૧૧ અધિકારી અને કર્મચારીઓ કોરોનાના ઝપેટમાં આવી ગયા છે. પાંચેક કલાર્ક-હેડકલાર્ક, આરટીઓના પ્યુન, જીઆઈએસએફના ગાર્ડ તેમજ એકાદ ઈન્સ્પેકટરના સેમ્પલ પોઝિટિવ આવ્યા છે. દરરોજ ૪૦૦થી ૫૦૦ લોકોની અવર જવર કરે છે તેવી ભુજ આરટીઓમાં સંક્રમણનો ભય વધુ રહે છે. જિલ્લાના જુદા જુદા ચેકપોઈન્ટો પર ઈન્સ્પેકટરની ડ્યુટી હોય છે જેથી તેઓ કચેરીમાં આવવાનું ટાળતાં હોય છે. કચેરીમાં ઈન્સ્પેકટરો અને તેમના ઓપરેટરો તેમજ કલાર્ક, સિનિયર કલાર્ક અને હેડકલાર્ક કામગીરી કરતા હોય છે. એક કમિટી બનાવાઈ છે જે મેઈન ગેટ પર બેસશે અને અત્યંત આવશ્યક કામગીરી હશે તેમને જ એન્ટ્રી આપવામાં આવશે. ભુજમાં દિવસે ને દિવસે કોરોના પોઝિટિવની સંખ્યામાં સતત વધારો થતાં ભુજના લોકોને એક અપીલ કરવામાં આવી છે કે, જો શક્ય હોય ત્યાં સુધી ભુજ આરટીઓમાં નાગરિકોએ મુલાકાત ટાળવું. અતિ આવશ્યક હોય તો જ કચેરીમાં આવવા નાગરિકોને ભુજ આરટીઓનો અનુરોધ છે.

## નયનાબા જાડેજાએ ઘરે નવરાત્રિની ઉજવણી કરવા સોશિયલ મીડિયામાં અપીલ કરી

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૩ ભારતીય ક્રિકેટ ટીમના ખેલાડી રવિન્દ્ર જાડેજાના બહેન અને ગુજરાત મહિલા કોંગ્રેસના મહામંત્રી નયનાબા જાડેજાએ સોશિયલ મીડિયા પર નવરાત્રિ ઘરે જ ઉજવવાની અપીલ કરી છે. નયનાબા જાડાજાએ પોસ્ટર બનાવી સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યુ છે. જેમાં તેમણે અપીલ કરી છે કે, નવરાત્રિ ૨૦૨૦ ઘરે જ ઉજવીએ. હાલ કોરોના મહામારી ચાલી રહી છે ત્યારે રાજકોટ સહિત સૌરાષ્ટ્રના લોકો નવરાત્રિ ઘરે જ ઉજવે તેવી અપીલ કરી છે. રાજકોટમાં આ વર્ષે કોરોનાની મહામારી ચાલી રહી હોવાથી અને સંક્રમણ અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા હજી સુધી મંજૂરી આપશે કે નહીં તેની દુવિધા ખેલૈયાઓમાં ચાલી રહી છે. ત્યારે રાજકોટનાં મોટા અર્વાચીન ગરબા આયજકો દ્વારા આ વર્ષે નવરાત્રિ રદ કરવામાં આવી છે. જેમાં સહિયર ગ્રુપ, સરગમ ક્લબ, સુરભી ગ્રુપ, ખોડલધામ, જૈન વિઝન ગ્રુપ સહિતના મોટા આયજકોએ નવરાત્રિના આ વર્ષના આયજનો રદ કર્યા છે. એક તરફ મોટા અર્વાચીન ગરબા આયજકો આ વર્ષની નવરાત્રિ રદ કરી રહ્યા છે. ત્યારે બીજી તરફ રાજકોટ સાઉન્ડ એન્ડ લાઈટ સ્ટેજ ઓનર્સ એસોસિએશને આ વર્ષે સરકાર મંજૂરી નહીં આપે તો આગામી ચૂંટણીમાં કોઈ પણ રાજકીય પક્ષને સાઉન્ડ સિસ્ટમ નહીં આપવાની ચિમકી ઉચ્ચારી છે.

## શ્રમજીવી વાહન ચાલકોની સુરક્ષા માટે વલસાડ પોલીસે કર્યું વિનામૂલ્યે હેલ્મેટનું વિતરણ

(જી.એન.એસ.)વલસાડ,તા.૧૩ વાપીમાં પોલીસ જવાનોની સમાજ પ્રત્યેની ફરજ અને સુરક્ષાની ભાવના વલસાડ જિલ્લામાં જોવા મળી છે. વાપીના ડુંગરા પોલીસ મથક વિસ્તારમાં હેલ્મેટ નહીં ખરીદી શકતા શ્રમજીવી વાહન ચાલકોને ૧૫૦૦ રૂપિયા સુધીના સારી ક્વોલિટીના હેલ્મેટ આપી તેમની અને તેમના પરિવારની જિંદગી સુરક્ષિત કરવાની અનોખી પહેલ હાથ ધરવામાં આવી હતી. ખાખીની કડક છાપ સમાજ માટે સુરક્ષાની દ્રષ્ટિએ કેટલી નરમ હોય તે લોકડાઉનમાં સામે આવ્યા બાદ ફરી એકવાર રાજ્ય સરકારના હેલ્મેટના કાયદામાં પણ જોવા મળી છે. સમગ્ર ગુજરાતમાં હાલ હેલ્મેટ ડ્રાઈવ ચાલે છે. જેમાં હેલ્મેટ નહીં પહેરનારા પાસેથી ૫૦૦ રૂપિયા દંડ વસૂલવામાં આવે છે અને વલસાડ જિલ્લા પોલીસવડા ડૉ. રાજદીપસિંહ ઝાલાએ આ કાયદાની ગરીમાં પણ જળવાય રહે તે માટે સમાજ માટે એક નવી પહેલ કરી છે. સાથે જે વાહન ચાલકો હેલ્મેટ ખરીદી નથી શકતા તેના માટે ૧૦૦૦ કે, ૧૫૦૦ રૂપિયાના આઈએસઆઈ માર્કાવાળા હેલ્મેટ ખરીદી તેમની અને તેમના પરિવારને સુરક્ષિત કરવાની પહેલ હાથ ધરી છે. આ અભિયાનનો પ્રારંભ વાપીમાં સ્લમ એરિયા ગણાતા ડુંગરા વિસ્તારના પોલીસ મથકની હદમાં કરાયો હતો. જ્યાં જિલ્લા પોલીસવડા ડૉ. રાજદીપ સિંહ ઝાલાના હસ્તે ૬૦ ગરીબ વાહનચાલકોને ૫૦૦ રૂપિયાના દંડ સામે ૧૫૦૦ રૂપિયા સુધીના હેલ્મેટનું વિનામૂલ્યે વિતરણ કર્યું હતું. આ અંગે ડુંગરા પોલીસ મથકના પીએસઆઈ જયદીપસિંહ ચાવડા અને પીએસઆઈ એલ. જી. રાઠોડે હર્ષની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતુ કે, જિલ્લા પોલીસવડાના સૂચન બાદ અમે સ્થાનિક દાતાઓ દ્વારા ૫૦૦ જેટલા હેલ્મેટ શ્રમજીવી વાહન ચાલકોમાં વિતરણ કરવાની નેમ રાખી છે અને અમને ખુશી છે કે, અમે વાહન ચાલકોને સારી ક્વોલિટીના હેલ્મેટ આપી તેની જિંદગી બચાવી તેના પુરા પરિવારને સુરક્ષિત કરી રહ્યા છીએ.

## વડોદરામાં ખાનગી કંપનીમાં નોકરી કરતા યુવાને ગળેફાંસો લગાવી કરી આત્મહત્યા

(જી.એન.એસ.)વડોદરા,તા.૧૩ જિલ્લાના સાવલીમાં આવેલા રાધેશ્યામ સોસાયટીમાં ભાડૂઆત તરીકે રહેતાં ૨૪ વર્ષીય યુવક મૂળ છોટાઉદેપુર જિલ્લામાં વતની અને સાવલી પાસેની ખાનગી કંપનીના કેમિસ્ટ વિભાગમાં નોકરી કરતા પરમાર રણવીરસિંહ અગમ્ય કારણે ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ ઘટનાની જાણ થતાં મકાન માલિક અને સાવલી પોલીસે સ્થળ નિરીક્ષણ કરી મૃતકના પરિવારને ટેલિફોનથી જાણ કરી બોલાવ્યા હતા. બાદમાં પોલીસે સમગ્ર મામલે કાર્યવાહી કરી હતી. સાવલી પોલીસે સ્થળ નિરીક્ષણ કરી આત્મહત્યાના બનાવની જાણ મૃતકના પરિવારને કરી હતી. બાદમાં સ્થાનિક સુથારને બોલાવી પોલીસ અને પરિવારજનોની હાજરીમાં દરવાજો ખોલાવ્યો હતો અને મૃતદેહને નીચે ઉતારી સાવલી પોલીસએ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ઘટનાની જાણ નગરજનોને થતાં લોકોના ટોળાં ઊમટી પડ્યાં હતા.

### હિંમતનગર બીજ નિગમના હિસાબોમાં ગરબડ-ગોટાળા અને ગેરરીતીઓ બહાર આવી : બ્રાન્ચ મેનેજરના પગતળે રેલો આવતા વિક્રેતાઓ પાસે બિયારણના પૈસા અગાઉ ચુકવવા માટે પરિપત્ર મોકલ્યો

## વરસો બાદ બ્રાન્ચ મેનેજર ધ્વારા વિક્રેતાઓનો બાકી હિસાબ કેમ કાઢવામાં આવ્યો ? શું બીજ નિગમમાં હિસાબોનું ઓડીટ થતું નથી ?

પ્રતિનિધિ, ગાંધીનગર તા.૧૩, ગુજરાત રાજ્ય બીજ નિગમ ના તાંબા હેઠળ ચાલતા સાબરકાંઠા જીલ્લા ના મુખ્યમથક હિંમતનગર બીજ નિગમ ધ્વારા ખરીદ વેચાણ સંઘ,સહકારી મંડળીઓ અને સરકારી અને ખાનગી વિક્રેતાઓ ને સરકાર ની યોજનાઓ થકી બિયારણો આપવામાં આવી રહયા છે. ત્યારે બીજ નિગમ ધ્વારા બિયારણ ના વિતરણ ના હિસાબો માં ગેરરીતી ઓ અને ગરબડ-ગોટાળા બહાર આવતા તપાસ ની માંગ ઉઠવા પામી છે. તો બીજી તરફ બીજ નિગમ ના હિસાબો માં ગરબડ-ગોટાળા આવતા બ્રાન્ચ મેનેજર ના પગતળે રેલો આવતા અગાઉ વિક્રેતાઓ ના ત્યાં વરસો જુના બાકી હિસાબો માં બીજ નિગમ ની બાકી હોવાનો પત્રો મોકલવામાં આવતા બ્રાન્ચ મેનેજર ની કામગીરી સામે સવાલો ઉઠવા પામ્યા છે. ખરેખર વિક્રેતાઓ નો હિસાબ બાકી હોવા છતાં બ્રાન્ચ મેનેજર ધ્વારા બિયારણ નું વિતરણ કેમ કરવામાં આવ્યું ? શું સરકાર ધ્વારા બીજ નિગમ ના હિસાબો માં વરસે દહાડે ઓડીટ કરવામાં આવતુ નથી.અને જો હિસાબો નું ઓડીટ કરવામાં આવતું હોય તો વિક્રેતાઓ નો બાકી હિસાબ માટે વિક્રેતાઓ ને લેખિત માં કેમ જાણ કરવામાં ન આવી વરસે લાખો કરોડો રૂપિયા નું ખેડુતો પાસે થી બિયારણ ખરીદી અને સહકારી મંડળીઓ અને ખરીદ વેચાણ સંઘો માં વિતરણ કરતું બીજ નિગમ ના હિસાબો માં ગરબડ-ગોટાળા આવવા પાછળ નું કારણ શું ? બીજ નિગમ ધ્વારા હિસાબો નું ઓડીટ કેમ કરવામાં ન આવ્યું ? ચોર કોટવાલ ને દંડે તે કહેવત અનુસાર બીજ નિગમ ના હિસાબો માં ગરબડ-ગોટાળા અને ગેરરીતી ઓ બહાર આવતા બ્રાન્ચ મેનેજર ધ્વારા વિક્રેતાઓ પાસેથી અગાઉ નાણાં ચુકવવા માટે નો પત્ર મોકલવામાં આવ્યો.

## ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલએ માનવતા મ્હેકાવી : સારવાર લઈ રહેલા સી.આર.પાટીલએ હોસ્પિટલમાં બાળકને નવજીવન અપાવ્યું

પ્રતિનિધિ, ગાંધીનગર તા.૧૩, ભાજપ ના પ્રદેશ પ્રમુખ અને નવસારી ના સાંસદ સભ્ય સી.આર.પાટીલ ને શરીર માં નબળાઈઓ જણાતા તેઓનું સીટી.સ્કેન કરાવ્યા બાદ એન્ટીજન ટેસ્ટ કરાવ્યો હતો. જે રીપોર્ટ નેગેટીવ આવ્યો હતો.ત્યારબાદ આર.ટી. પી.સી. આર.નો ટેસ્ટ કરાવ્યો હતો.જે રીપોર્ટ પોઝેટીવ આવતા તેઓને કોરોના ની સારવાર માટે સિવિલ હોસ્પિટલ માં ખસેડવામાં આવ્યા હતા. જેમાં ભાજપ પ્રદેશ પ્રમુખ નો એક વીડીયો વાયુવેગે વાઈરલ થઈ રહયો છે. જેમાં તેઓએ પોતાના મતવિસ્તાર ના એક યુવાન ની મદદ કરી રહેલા જણાય છે. પાટીલ અને યુવાન નો વીડીયો વાઈરલ થયો છે. જેમાં ભાજપ પ્રદેશ પ્રમુખ હોસ્પિટલ માં સારવાર લઈ રહેલા હોવા છતાં પોતાના મતવિસ્તાર ના યુવાન ની મદદ કરી મદદ માંગનારા યુવાન ના બાળક ની અન્નનળી માં તકલીફ સર્જાતા જેના ઓપરેશન માટે પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ એ તેમની ઓફીસે થી રૂ.૨૫ હજાર નો ચેક મંગાવી મદદ કરી હતી. તેમજ આર્થીક મદદ ની સાથે સરકારી સહાય બાબતે પણ યુવાન ની મદદ કરી હોવાનું ચર્ચાઈ રહયું છે.

## ધોરણ-૧૨ સાયન્સનું ૧૫મીએ અને ધોરણ-૧૦નું ૨૧મીએ પરિણામ જાહેર થશે

પ્રતિનિધિ, ગાંધીનગર તા.૧૩, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા લેવાયેલ પરિક્ષા નું પરિણામ જાહેર થવાની અંદાજીત તારીખો જાહેર થઈ છે. સુત્રો ધ્વારા મળેલી માહિતિ મુજબ ધોરણ-૧૨ સાયન્સ નું તા.૧૫ મી એ અને ધોરણ-૧૦ નું ૨૧ મી અથવા ૨૨ મી એ પરિણામ જાહેર કરવામાં આવશે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા એક અને બે વિષય માં ધોરણ-૧૦ તથા ૧૨ માં નાપાસ થયેલા વિધાર્થીઓ ની ગત્ મહિને પુરક પરિક્ષા લેવાયા બાદ પરિણામ ગુજકેટ ની સાથે જ જાહેરાત કરવાની હતી.પરંતુ ત્યારબાદ કોણ કારણસર પરિણામ જાહેર કરાયું ન હતું.

## મુખ્યમંત્રી વિજય રૂપાણી મહિલાઓને ૦ ટકા વ્યાજે ૧ લાખની લોન આપશે



તસ્વીર : યુનુસ મેમણ

પ્રતિનિધિ, ગાંધીનગર તા.૧૩, રાજ્ય સરકાર ધ્વારા પહેલીવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના જન્મદિને કોરોના ની મહામારી બાદ બદલાયેલી આર્થીક પરિસ્થિતિ અને સામાજીક જીવનશૈલી માં મહિલા ઓ ને આત્મનિર્ભર બનાવવા માટે નો નવો માર્ગ ખોલવામાં આવશે તેવું મુખ્યમંત્રી વિજય રૂપાણી એ જણાવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના જન્મ દિવસ નિમિત્તે એટલે કે ૧૭ સપ્ટેમ્બર ના રોજ મુખ્યમંત્રી વિજય રૂપાણી ધ્વારા મુખ્યમંત્રી મહિલા કલ્યાણ યોજના શરૂ કરવામાં આવશે. આ યોજના અંતગર્ત રાજ્ય ની ૧ લાખ મહિલા જુથ ને ૧૦ લાખ જેટલી મહિલાઓ ને ૦ ટકા ના વ્યાજે લોન આપવામાં આવશે. અને આ લોન થી મહિલાઓ આત્મનિર્ભર થઈ શકશે. મુખ્યમંત્રી મહિલા કલ્યાણ યોજના અંતગર્ત આપવામાં આવતી આ સહાય માં કુલ ૧ હજાર કરોડ રૂપિયા સુધી ની સહાય મહિલા જુથો ને આપવાની સરકારે યોજના તૈયાર કરી છે. મહત્વ ની વાત એ કહી શકાય કે લોન માટે જરૂરી સ્ટેમ્પ ડયુટી માં પણ મહિલાઓ ને માફી આપવામાં આવશે અને લોન નું વ્યાજ સરકાર ભોગવશે મહિલા જુથ ની એક મહિલા ને ૧ લાખ રૂપિયા નું ધિરાણ આ યોજના અંતગર્ત સરકાર ધ્વારા આપવામાં આવશે. મહિલા ઓ આ ધિરાણ સરકારી, સહકારી, ખાનગી અને આર.બી.આઈ. માન્યતા ધરાવતી ધિરાણ સંસ્થાઓ પાસેથી મેળવી શકાશે. આ બાબતે રાજ્ય સરકાર ધ્વારા ટુંક સમય માં જ બેંકો સાથે આ યોજના ને જોડવા બાબતે એમ.ઓ.યુ.કરવામાં આવશે. એવી પણ માહિતિ મળી છે કે આ યોજના અંતગર્ત ૧૦ મહિલા ઓ નું એક જુથ બનાવવામાં આવશે. એમ ૧ લાખ મહિલા ઓ જુથ ને ૧ લાખ રૂપિયા ની લોન આપવામાં આવશે. આ લોન ના કારણે મહિલા ઓ નાનો મોટો વ્યવસાય,ગૃહઉદ્યોગ અને વેપારી વગેરે શરૂ કરી શકશે. બીજી તરફ મુખ્યમંત્રી વિજય રૂપાણી ધ્વારા મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના માટે ૧૭૫ કરોડ રૂપિયા નું બઝેટ ફાળવ્યું છે.અને જેમાં ગ્રામીણ વિસ્તારો ની ૫૦ હજાર અને શહેરી વિસ્તાર ની ૫૦ હજાર કુલ મળીને ૧ લાખ મહિલા જુથો ને મુખ્યમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના માં આવરી લેવામાં આવશે.

## રાજકોટમાં કોરોનાના વધુ ૪૨ કેસ અને રેકોર્ડબ્રેક ૩૬ લોકોના મોત

(જી.એન.એસ.) રાજકોટ, તા.૧૩ રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં કોરોના કેસની સંખ્યામાં સતત વધારો થતો જાય છે. રાજકોટમાં આજે ૪૨ કેસ નોંધાયા છે. રાજકોટમાં કુલની સંખ્યા ૪૩૫૦ને પાર થઈ ગઈ છે. રાજકોટમાં કોરોના કેસની સંખ્યા ૪૩૮૪ પર પહોંચી છે. રાજકોટમાં હાલ ૧૪૧૧ દર્દીઓ સારવાર હેઠળ છે. રાજકોટ શહેરમાં રોજ ૧૦૦ની આસપાસ કોરોના કેસ નોંધાય રહ્યા છે. રાજકોટ કોરોનાનું હોટસ્પોટ બન્યું છે. રાજકોટમાં આજે રકોર્ડબ્રેક મોત નીપજ્યા છે. ૨૪ કલાકમાં ૩૬ દર્દીના મોત નીપજ્યા છે. જેમાં રાજકોટ શહેરના ૨૧, ગ્રામ્યના ૯ અને અન્ય જિલ્લાના ૬ દર્દીઓના મોત નીપજ્યા છે. અત્યાર સુધીમાં એક જ દિવસમાં સૌથી વધારે મોત નીપજ્યા છે. ગોંડલ શહેર અને ગ્રામ્યમાં બપોર સુધીમાં ૧૭ કેસ નોંધાયા છે. સરકાર દ્વારા કેટલીક શરતો સાથે લોકોને પોતાનો વ્યવસાય ચાલુ કરવા છૂટ આપવામાં આવી છે, લોકોએ સામાજિક અંતર રાખવું, માસ્ક પહેરવું જેવા નિયમોનું પાલન કરવું આવશ્યક છે. શહેરમાં સોશિયલ ડિસ્ટન્સનો અને ફરજીયાત માસ્ક અંગેના ભંગ કરતા ધંધાર્થીઓ અને લોકો સામે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કડક અને દંડ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરી છે. શહેરના જે-જે સ્થળોએ સોશિયલ ડિસ્ટન્સનો ભંગ થાય છે તેવા સ્થળોએ દંડ અથવા સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. તેમજ માસ્ક વિના જાહેરમાં ફરતા લોકો સામે પણ દંડ વસુલ કરવાની કામગીરી કરવામાં આવે છે. દરમિયાન આજે સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરવા બદલ બે દુકાનો સીલ કરવામાં આવી છે, અને શહેરમાંથી ફરજીયાત માસ્ક અંગેના ભંગ કરતા ૧૩ આસામીઓ પાસેથી રૂપિયા ૧૩ હજારનો દંડ વસુલ કરવામાં આવ્યો છે. તેમ મ્યુનિસિપલ કમિશનર ઉદિત અગ્રવાલે જણાવ્યું હતું. ઉલ્લખનીય છે કે બે દુકાનો સીલ કરવામાં આવી તેમાં રસિકભાઈ ચેવડાવાળાની દુકાનનો સમાવેશ થાય છે. કોરોનાના સંક્રમણને અટકાવવા સોનીબજારના વેપારીઓએ સપ્તાહનું સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કર્યા બાદ હવે દાણાપીઠના વેપારીઓએ અડધો દિવસનું સ્વૈચ્છિક લોકડાઉન જાહેર કર્યું છે. કોરોનાના કેસ વધતા જાય છે તે અનુસંધાને ૨૦૦ વેપારીએ નિર્ણય લીધો છે. સોમવારે સવારે ૮ કલાકે દુકાન ખુલશે અને બપોરે ૩ કલાકે દુકાન બંધ કરી દેવાશે. પરિસ્થિતિ કાબૂમાં આવી જશે તો ૨૦ સપ્ટેમ્બરથી દુકાન શરૂ કરી દેવાશે. રાજકોટ સિવિલ કોવિડ હોસ્પિટલમાં માત્ર દર્દીઓને જ રખાય છે તેમના સ્વજનોને પણ ચેપના કારણે રખાતા નથી. આથી તબિયત પૂછવા માટે કોલ સેન્ટર પર સતત મારો રહે છે. તેમાં સરળતા રહે તે માટે ખાસ કોવિડ દમન સોફટવેર તૈયાર કરાયો છે. કોલ સેન્ટર પર ફોન આવે ત્યારે જે દર્દીની સ્થિતિ જાણવી હોય તેમનું નામ નોંધાય છે અને પછી તેમની સ્થિતિ જાણવા જે તે વોર્ડમાં ફાઈલ ફંફોસાય છે.

## મગફળીના ટેકાના ભાવની ખરીદી વહેલી તકે શરૂ કરવા ગોંડલ એપીએમસીના ચેરમેને લખ્યો પત્ર

(જી.એન.એસ.)રાજકોટ,તા.૧૩ ગોંડલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન ગોપાલભાઈ શીંગાળા અને વાઈસ ચેરમેન કનકસિંહ જાડેજાએ રાજ્યના મુખ્યપ્રધાન વિજય રૂપાણીને પત્ર લખી જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવા માટે લાભ પાંચમના દિવસથી શરૂ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે, જે નિર્ણયને અમે આવકારીએ છીએ. જો કે, આ વર્ષે વિક્રમ સંવત પ્રમાણે અધિક માસ આવે છે જેથી પ્રથમ આસો માસ અધિકમાસ આવે છે. જે ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૦થી શરૂ થશે. જેના પરિણામે લાભ પાંચમ નિયમીત વર્ષના પ્રમાણમાં એક માસ મોડી એટલે કે, ૧૯ નવેમ્બર ૨૦૨૦ના રોજ આવશે. જ્યારે હાલમાં મગફળીની સિઝન સપ્ટેમ્બર માસની ૦૪ તારીખથી શરૂ થઈ છે. ગોંડલ માર્કેટ યાર્ડમાં ૦૯ સપ્ટેમ્બર ૨૦૨૦ના રોજ ૫૦૦૦ ગુણી નવી મગફળી આવી છે. જે આગામી ૧૦થી ૧૫ દિવસમાં દૈનીક ૨૦થી ૨૫ હજાર ગુણીની આવક શરૂ થશે. સૌરાષ્ટ્રના તમામ માર્કેટ યાર્ડમાં પણ નવી મગફળીની સિઝન હાલ શરૂ થઈ ગઈ છે. આ સંજોગોમાં જો સરકાર દ્વારા લાભ પાંચમથી એટલે કે, આશરે બે માસ પછી ખરીદી શરૂ કરવામાં આવે તો ખેડૂતોને ખૂબ જ આર્થિક નુકસાન થશે. જેથી અધિક માસને ધ્યાનમાં રાખીને લાભ પાંચમને બદલે નવરાત્રીના સમય દરમિયાન ટેકાના ભાવે મગફળીની ખરીદી શરૂ થાય તેવી રજૂઆત કરવામાં આવી હતી.

## સુરતમાં વરાછાના ખાનગી ગોડાઉનમાં સરકારી અનાજ, આપે કર્યો પર્દાફાશ

(જી.એન.એસ.) સુરત, તા.૧૩ શહેરના વરાછા વિસ્તારમાં અનાજમાફીયાઓ દ્વારા ચલાવાય રહેલ કૌભાંડ આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા ઉજાગર કરાયું છે. આ સમગ્ર મામલો યેનકેન પ્રકારે દબાવી દેવાના પ્રયત્ન પુરવઠા અધિકારીઓ દ્વારા કરવામાં આવતો હોવાનો આક્ષેપ કર્યા છે. આ સાથે નાયબ મામલતદાર ૨ કલાકથી વધુ સમયથી સ્થળ પર હાજર હોવા છતા ગોડાઉન ખોલવા મામલે કોઈ કાર્યવાહી નહીં કરાઈ અને મામલતદારને મામલાની જાણ થતા ફોન ઉંચકવાનું બંધ કર્યું હોવાનો આક્ષેપ કરાયો છે. સુરતના વરાછા વિસ્તારના વસુંધરા એસ્ટેટ, પ્રમુખસ્વામી બ્રિજની નીચે એ.કે રોડ ખાતે બપોરે ૨ વાગ્યાના સુમારે સરકારી અનાજનો જથ્થા ભરેલા ગોડાઉન પર આપના કાર્યકરો દ્વારા રેડ કરાતા દુકાન માલીક ગોડાઉનને તાળું મારી ભાગી ગયો હતો. ગોપાલ ઈટાલીયા (ઉપાધ્યક્ષ,આપ, ગુજરાત)એ જણાવ્યું હતુ કે, પુરવઠા તંત્રને જાણ કરતા તંત્ર તરફથી કતારગામ નાયબ મામલદાર હાજર થયાના ઘટનાને ૪ વિત્યા બાદ મામલતાર સ્થળ પર હાજર થયા હતા. ઘટનાને ૬ કલાક વિતી ગયા બાદ પણ કોઈ નક્કર કાર્યવાહી કરાઈ રહી નથી. ગોપાલ ઈટાલીયાએ વધુમાં જણાવ્યું હતુ કે, અધિકારીઓ માત્ર વાતો કરી પોલીસની મદદથી મીડિયા કર્મીઓ અને આપના કાર્યકરોને ઘટનાસ્થળેથી ભગાડી રહ્યા છે. જ્યારે મીડિયા કર્મીઓ ૬ કલાકથી સવાલ પુછી રહ્યા છે ત્યારે એક જ જવાબ આપી દેવામાં આવી રહ્યો છે કે, મકાન માલિકના આવ્યા બાદ તાળું ખોલ્યા બાદ આગળની કાર્યવાહી કરીશું. સુત્રોના જણાવ્યા મુજબ મોડી રાત્રે ગોડાઉન ખોલીને કાર્યવાહી શરૂ કરાઈ હતી.

## સુરતમાં ઢોંગી ભૂઈમાનાં ધતિંગનો કરાયો પર્દાફાશ

(જી.એન.એસ.) સુરત, તા.૧૩ સુરતના સરથાણા વિસ્તારમાં પોતાના ઘરમાં મેલડી માતાનું મંદિર બનાવી છેલ્લા ૧૮ વર્ષથી માનતા, ટેક, જોવાનું કામ કરતી ભૂઈમાની ધતિંગલીલાને ભારત જન વિજ્ઞાન જાથાએ ખુલ્લી પાડી હતી. બનાવ પોલીસ મથક સુધી જતાં ભૂઈમા અને તેમના પૂત્રે સોગંદનામામાં હવે આવી કોઈ પ્રવૃત્તિ નહીં કરવાનું કબૂલાતનામું લખી આપ્યું હતુ. મુળ ભાવનગરના અને ૧૮ વર્ષથી સરથાણાના અવધ, સુભાષ પાર્ક ખાતે રહેતાં લાભબેન વશરામભાઈ અણઘણે ઘરમાં જ મેલડી માતાજીનું સ્થાનક બનાવી ૪-૫ વર્ષથી દુ:ખ દર્દ દૂર કરવા, સંતાન પ્રાપ્તિ જેવી વિધિના નામે ૧૦ હજારથી ૫ લાખ સુધીની ફી વસુલતા હોવાની ફરિયાદ સતત સામે આવતી હતી જોકે સુરત સાથે પાલીતાણા પાસેના ગામના લોકો પણ આ માતા આવનારા આવનાર ભક્તો પાસેથી સોના ચાંદી છત્ર સાથે અનેક ભેટ સોગાદો પણ મેળવતી હતી. આ માતાની સતત ફરિયાદના આધારે ભારત વિજ્ઞાન જાથાના આગેવાનો પોલીસ ની મદદ આ મહિલાનો ભાંડો ફોડવા પોંહચીયા હતા ત્યારે આ મહિલાનો દીકરો પોલીસ અને ભારત વિજ્ઞાન જાથાના લોકો સાથે દાદાગીરી કરવા લાગ્યો હતો. જોકે પોલીસે આ મહિલાના દીકરાને પોલીસની ભાષામાં સમજાવ્યો હતો જોકે મહિલાને પોલીસે અને ભારત વિજ્ઞાન જાથાના આગેવાનો એ ચમત્કાર કરી બતાવ કહ્યું હતું. જેને લઈને આ મહિલાની તમામ હકીકત સામે આવતી જતા આ મહિલા પોતે પાંખડ કરી લોકોને છેતરતી હોવાનું કબૂલાત કરી હતી. મહિલાની કબૂલાત બાદ ભવિષ્યમાં આવી રીતના પાંખડ નહિ કરવાની લેખિતમાં બાંહેધરી આપી હતી. પહેલા દુકાન અને કારખાનું હતુ પણ વેપાર ચોપાટ થીજતા ધાર્મિકતાની આડમાં આ ધુણવાનો વેપાર શરૂ કર્યો હતો. જોકે આ વેપાર થકી થયેલા નુકસાન કવર કરવામાં તેમને સફળતા મળી હતી. જેને લઈને આ વેપાર શરુ રાખ્યો હતો. જોકે આ મામલે સરથાણા પોલીસે આ મહિલા વિરુદ્ધ ફરિયાદ આપવા આવશે તો તે ફરિયાદ લઈને આ મહિલા વિરુદ્ધ કાર્યવાહીપણ કરવાની ત્યારી પોલીસે બતાવી છે.

## કલોલમાં શિક્ષિકાએ સહશિક્ષક સામે નોંધાવી છેડતીની ફરિયાદ

(જી.એન.એસ.)કલોલ,તા.૧૩ કલોલ તાલુકાના અડાદરા પંથકમાં આવેલ ગ્રામ્ય વિસ્તારની પ્રાથમિક શાળામાં ફરજ બજાવતી શિક્ષિકાએ તેમના સહશિક્ષકે લાંબા સમયથી છેડતી કરતો હોવાની ફરિયાદ દાખલ કરતા શિક્ષણ વિભાગમાં હડકંપ મચી જવા પામ્યો હતો. શિક્ષિકાએ વેજલપુર પોલીસ સ્ટેશનમાં દાખલ કરેલી ફ્રિયાદની વિગતો મુજબ તેની શાળામાં જ ફરજ બજાવતો લઘુમતી કોમનો એક શિક્ષક આજથી દોઢેક વર્ષ પહેલા શાળા સમય દરમિયાન અવારનવાર શિક્ષિકાનો પીછો કરતો હતો, શિક્ષિકાના મોબાઈલ ઉપર ખોટા મેસેજ પણ મોકલતો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે તત્કાલીન સમયે શિક્ષકે કરેલા આ સમગ્ર અભદ્ર વર્તન અને વ્યવહાર અંગે શિક્ષિકાએ તે જ સમયે વેજલપુર પોલીસને ફ્રિયાદ કરવા માટે લેખિતમાં અરજી પણ આપી હતી. પરંતુ તત્કાલીન સમયે શાળાના આગેવાનોની સમજાવટથી શિક્ષિકાની અને શાળાની ખોટી છાપ ખરડાય એ સારું ન કહેવાય એવી સમજાવટથી તે સમયે ફરિયાદ નોંધાવી નહોતી. પરંતુ તે સમયે શિક્ષકની બદલી અન્ય શાળામાં કરી દેવામાં આવી હતી. આ સમગ્ર પ્રકરણમાં તંત્ર દ્વારા હાથ ધરાયેલી તપાસમાં અંતે તંત્રએ શિક્ષિકાને ફરિયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરવામાં આવતા અંતે તાજેતરમાં શિક્ષિકા દ્વારા વેજલપુર પોલીસ મથકમાં ગુનો દાખલ કરતા વેજલપુર પોલીસે પાછલા ઘણા સમયથી શિક્ષિકાની છેડતી કરનાર શિક્ષક નામે ઈસહાક અહમદ હુસૈન શિકારી (રહે. મેંદો પ્લોટ, અબુબક્ર કોલોની, ગોધરા) વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## કંગનાને સપોર્ટ કરવા સુરતના વેપારીએ બનાવી ખાસ સાડી

(જી.એન.એસ.)સુરત,તા.૧૩ મહારાષ્ટ્ર સરકાર અને કંગના રનૌત વચ્ચે ચાલી રહેલા ભારે વિવાદ વચ્ચે ટેક્સટાઈલ સિટી સુરતના સદીના વેપારીએ કંગના ને અનોખી રીતે ટેકો આપ્યો છે. સુરતના યુનિવર્સલ ટેક્સટાઈલ માર્કેટમાં આવેલા આલિયા ફેબ્રિક્સના ઉદ્યોગપતિ છોટુભાઈ અને રજત ડાવરે કંગનાની પ્રિન્ટેડ ફેન્સી શુદ્ધ ક્રેપ સાડી લોન્ચ કરી છે. સાડીના પાલવ પર કંગનાની મણિકર્ણિકાના રૂપમાં તસવીર જોવા મળે છે. તો સાથે સાડી પર "I Support Kangana Ranaut" લખવામાં આવ્યું છે. આલિયા ફેશનના છોટુભાઈ અને રજત ડાવરે કહ્યું કે, જે રીતે એક મહિલા સામે મહારાષ્ટ્ર સરકાર લડી રહી છે તે ખોટું છે. તેમની ગેરહાજરીમાં તેમની સંપત્તિમાં તોડફોડ કરવામાં આવી હતી, તેને મુંબઈમાં પગ નહિ મૂકવાની ધમકી આપવામાં આવી હતી. જે એક અન્યાયકારક છે, પરંતુ કંગના જે હિંમતથી પ્રશાસન સામે લડી રહી છે તેનાથી અમને પ્રેરણા મળી છે. જ્યારે અમે વિચાર્યું કે કંગના માટે કેવી રીતે અમારું સમર્થન વ્યક્ત કરવું જોઈએ. અમારી આ લાગણી લોકોને કેવી રીતે પહોંચાડવી, ત્યારે અમને તેની પ્રિન્ટ કરેલી સાડી બનાવવાનો વિચાર આવ્યો અને અમે આ સાડી બનાવી છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, અમારા ગ્રાહકો પણ આ મણિકર્ણિકા સાડીની પ્રશંસા કરી છે. હવે કોરોના યુગમાં વ્યવસાયનો ટ્રેન્ડ ઓનલાઈન ગયો હોવાથી, અમે પણ અમારા ગ્રાહકો પાસેથી વોટ્સએપ અને સોશિયલ મીડિયા દ્વારા ઓર્ડર મેળવવાનું શરૂ કર્યું છે, જે બતાવે છે કે મહિલા વર્ગમાં કંગનાનું સમર્થન વધી રહ્યું છે. આલિયા ફેબ્રિક્સ પ્રીમિયમ ફેન્સી કાપડ માટે પ્રખ્યાત છે અને તે ખાસ કરીને બોલિવૂડ ડિઝાઈનર્સમાં લોકપ્રિય છે. તેમનો ધંધો મુંબઈ, દિલ્હી, કોલકાતા, હૈદરાબાદ, ચેન્નાઈ વગેરે જેવી કાપડની મંડીઓમાં વ્યાપક છે. તાજેતરમાં, જ્યારે દેશભરમાં 'બહિષ્કાર ચાઈના' અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું, ત્યારે તેઓએ પણ તેમાં ભાગ લીધો હતો.

## અમદાવાદમાં સી પ્લેન માટે વોટર એરોડ્રામનું કામ શરૂ, બે દિવસમાં બની જશે પ્લેટફોર્મ

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૧૩ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું સપનું પૂરું થવા જઈએ રહ્યું છે. ભારત દેશમાં પ્રથમ સી પ્લેન સાબરમતી રિવરફ્રન્ટ પરથી શરૂ કરવામાં આવશે. સાબરમતી કિનારે વોટર એરોડ્રામ બનાવવાનું કામ શરૂ થઈ ગયું છે. જેટી અમદાવાદ આવી પહોંચી છે. જેટીને પાણીમાં ઉતારવાની કામગીરી ચાલી રહી છે.જેમાં ફાયરની ટિમ પણ જોડાય છે. પાણીમા પ્લેટફોર્મ બનાવવાનું કામ મરીન ટેક ઈન્ડિયા કંપનીને આપવામાં આવ્યું છે. મરીન ટેક ઈન્ડિયાના મેનેજીંગ ડીરેક્ટર ગૌતમ દત્તાએ જણાવ્યું છે, કે ૬ જેટી અમદાવાદ આવી પહોંચી છે અને પાણીમાં ઉતારીને પ્લેટફોર્મ બનાવવાનું કામ બે દિવસમાં પૂર્ણ કરાશે. એક જેટીનું વજન અંદાજે ૧૮ ટન છે. પાણીમાં ૬ જેટીને ઉતારીને જોડાણ કરવામાં આવશે અને પ્લેટફોમ તૈયાર કરાશે.જોકે પાણી વહેણ સાથે જતું ન રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. સામાન્ય રીતે જેટી સ્ટીલ અથવા તો લાકડામાંથી બને છે પરંતુ આ જેટી નવી ટેકનોલોજી સાથે બનાવવામાં આવી છે. કોંક્રેટની જેટી છે. કોક્રેટની જેટી પહેલા કોચીન અને ગોવા અને ત્રીજો પ્રોજેક્ટ અમદાવાદ કરવામાં આવી રહ્યો છે. ફાયર ચીફ ઓફિસ સર એમ. એફ દસ્તુરે જણાવ્યું હતુ કે, જેટી ઉતારવાથી લઈ સી પ્લેન ટેક ઓફ અને લેન્ડિંગ સમયે પણ ફાયરની ટિમ સાબરમતી નદીમાં તૈનાત રહેશે. તડામાર તૈયારીઓ ચાલી રહી છે. અક્ટોબરના અંતમાં વોટર એરોડ્રામ પૂર્ણ થઈ સી પ્લેન શરૂ થઈ જશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઉદ્ઘાટન કરશે.અમદાવાદ અને કેવડિયા વચ્ચેનું ૨૦૦ કિલોમીટરનું અંતર કાપતાં લગભગ ૫૦ મિનિટનો સમય લાગશે. જોકે, સી પ્લેન શરૂ થતા પ્રવાસને વેગ મળશે.

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI